**સુવિચાર**

બધી શબ્દોની જ રમત છે ભાઈ મીઠા શબ્દો દવાનું કામ કરે છે અને કડવા શબ્દો ઘા આપી જાય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



ઉલ્ટી-ઉબકાનું નાટક કરી મુસાફરના ખીસ્સા હળવા કરતી રીક્ષા ગેંગના બે સાગરીત ઝડપાયા P-4

Year-16, Issue-48 ■ DATE : 03-06-2025 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# વિશ્વના ચોથા સૌથી મોટા અર્થતંત્ર ભારતમાં ખોરાકની અછત!

## એક વર્ષમાં ૩૮ ટકા ભારતીયોએ ભૂખમરાનો સામનો કર્યો હોવાનો ચોંકાવનારો રિપોર્ટઃ ભૂખમરા પાછળનું કારણ આબોહવા પરિવર્તન



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વિશ્વમાં ચોથી અર્થવ્યવસ્થા તરીકે ઉભરી આવેલા ભારતમાં છેલ્લા એક વર્ષમાં ૩૮ ટકા ભારતીયોએ ભૂખમરાનો સામનો કર્યો હોવાનો ચોંકાવનારો રિપોર્ટ આવ્યો છે. આ ભૂખમરા પાછળનું કારણ પણ ચોંકાવનારું આબોહવા પરિવર્તન છે. આબોહવા પરિવર્તન હવે ફક્ત વિકસિત દેશોનો મુદ્દો નથી રહ્યો. તે ભારતના સામાન્ય લોકોના જીવનને અસર કરી રહ્યો છે. યેલ-સીવોટર સર્વે (ડિસેમ્બર ૨૦૨૪-ફેબ્રુઆરી ૨૦૨૫)માં આ દાવો કરવામાં આવ્યો છે.

રિપોર્ટ અનુસાર, છેલ્લા એક વર્ષમાં ૩૮% લોકોએ ખોરાકની અછત અથવા દુષ્કાળનો અનુભવ કર્યો હતો. ત્રણ ચતુર્થાંશ ભારતીયો ખોરાકની અછત વિશે ખૂબ જ અથવા મધ્યમ ચિંતિત છે. જેના માટે ગ્લોબલ વૉર્મિંગ જવાબદાર છે. ૬૦% લોકોએ ખેતીમાં જીવાતો અને રોગોનો સામનો કર્યો હતો. ૨૦૨૪ ભારતનું સૌથી ગરમ વર્ષ હતું. તાપમાન સામાન્ય કરતાં ૦.૬૫ ડિગ્રી વધુ હતું. ૭૧ ટકા ભારતીયોએ ગયા વર્ષે ભીષણ ગરમીનો સામનો કર્યો છે. ૫૯% લોકોએ વીજળી કાપ, ૫૩% પ્રદુષિત પાણી, ૫૨%એ દુષ્કાળ અને પાણીની અછત અને ૫૨% લોકોએ ગંભીર વાયુ પ્રદૂષણનો સામનો કર્યો હતો. વિશ્વના ૨૦ સૌથી પ્રદૂષિત શહેરોમાંથી ભારત ૧૩મા સ્થાને છે. ૨૦૨૪ના શિયાળામાં દિલ્હીમાં હવાનો ગુણવત્તા સૂચકાંક (AQI) ૧૦૦૦થી વધુ હતો, જે આરોગ્ય સંબંધિત કટોકટીનો સંકેત આપે છે.

વર્લ્ડ બેન્ક અનુસાર, ૨૦૨૩ સુધીમાં, ભારતે અત્યંત ગરીબીમાં (૨.૧૫ ડોલર પ્રતિ દિવસની આવક) ૩.૪%નો ઘટાડો કર્યો હતો. યેલ-સીવોટર સર્વે દર્શાવે છે કે, આબોહવા પરિવર્તનના કારણે ભારતમાં ભૂખમરાની સ્થિતિ સર્જાઈ છે. કળષિમાં કીટકોના ત્રાસથી પાકમાં બીમારીનું પ્રમાણ વધ્યું હતું. જેના લીધે ઘણો પાક નષ્ટ થયો હતો. તેમજ વધુ પડતી ગરમી, પૂર, દુષ્કાળની સ્થિતિના કારણે પણ ખોરાકની અછત સર્જાઈ હતી. ગરીબીમાંથી બહાર આવેલા લોકો હજી પણ ભોજનની અસુરક્ષાનો સામનો કરી રહ્યા છે. સરકાર ૮૦ કરોડ લોકોને મફત રાશન આપી રહી છે. જે આ સમસ્યાનીં ગંભીરતા દર્શાવે છે. વધુમાં ૩૨% ભારતીયોએ ક્યારેય ગ્લોબલ વૉર્મિંગ વિશે સાંભળ્યું નથી. આ દર્શાવે છે કે આબોહવા પરિવર્તન અને તેની સ્થાનિક અસરો વિશે જાગળતિ વધારવાની જરૂર છે.

નીતિ સમર્થનઃ ૨૦૨૩ના યેલ-સીવોટર સર્વે મુજબ, ૮૬% ભારતીયો સરકારના ૨૦૭૦ના નેટ ઝીરો કાર્બન ઉત્સર્જનના લક્ષ્યાંકને સમર્થન આપે છે. ૫૫ુ માને છે કે ભારતે તાત્કાલિક ઉત્સર્જન ઘટાડવું જોઈએ.

જીવનશૈલી પરિવર્તનઃ ૯૩% ભારતીયો પર્યાવરણ બચાવવા માટે તેમની દિનચર્યા બદલવા માટે તૈયાર છે. ફટાકડા પર પ્રતિબંધ, પર્યાવરણને અનુકૂળ મૂર્તિ વિસર્જન અને હોળી અને પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા જેવા પગલાં આનો પુરાવો છે.

ઈલેક્ટ્રિક વાહનો (EV) ભારતીયો ઝડપથી ઈલેક્ટ્રિક વાહનો અપનાવી રહ્યા છે. એવો અંદાજ છે કે ૨૦૩૦ સુધીમાં, EV વેચાણ દર વર્ષે ૧૭ મિલિયન યુનિટ સુધી પહોંચી જશે.

ઉર્જા કાર્યક્ષમતા ૬૬% લોકો વધુ ઈંધણ-કાર્યક્ષમ વાહનોને સમર્થન આપે છે, ભલે તે ખર્ચમાં વધારો કરે. ૭૭% લોકો ઈચ્છે છે કે ઈમારતો ઓછી ઉર્જા અને પાણીનો બગાડ કરે. ૭૩% લોકોએ ૨૦૧૫ના પેરિસ આબોહવા કરારને સમર્થન આપ્યું છે.

ભારતમાં આબોહવા પરિવર્તન ખોરાક, પાણી અને હવાને અસર કરી રહ્યું છે. ૩૮% ભારતીયો ખોરાકની અછત અને વધતી ગરમી, દુષ્કાળ અને પ્રદૂષણથી ચિંતિત છે. તેમ છતાં, ભારતીયો પર્યાવરણને બચાવવા માટે તૈયાર છે. જાગળતિ વધારવા માટે સરકાર અને સમાજે સાથે મળીને કામ કરવું પડશે. આબોહવા પરિવર્તનનો સામનો કરવા માટે પગલાં લેવા પડશે.

# આજે RCB અને PBKS વચ્ચે આઈપીએલનો ફાઈનલ



આજે અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડીયમ ખાતે આઈપીએલ સિઝન-૧૮નો દિલધડક ફાઈનલ જંગ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને પંજાબ કિંગ્ઝ વચ્ચે જામશે. આ સિઝનમાં આ બંને ટીમોએ શાનદાર દેખાવ કરીને પ્રથમ અને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યા બાદ પ્રથમ કવોલિફાયરમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે પંજાબને વન-સાઈડેડ મેચમાં પરાસ્ત કરીને સીધી ફાઈનલથી ટિકિટ મેળવી દીધા બાદ, પંજાબને બીજી તક મળતા કવાલિફાયર-૨માં પંજાબે મુંબઇ ઇન્ડીયન્સને પરાસ્ત કરીને ધમાકેદાર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

મુંબઇ સામેની મેચમાં પંજાબનાં સુકાની શ્રેયસ અય્યરની શાનદાર ૮૭ રનની ઈનિંગ્ઝ અને નેહલની ૪૮ રનની ઈનિંગ્ઝ મુંબઇને હરાવવા મહત્વનો ભાગ ભજવી ગઇ. પાંચ વિકેટથી વિજય મેળવનાર પંજાબ હવે આજે બેંગ્લોર સામે નિર્ણાયક મેચ રમવા જઇ રહ્યું છે.

પ્રથમ કવોલિફાયરમાં બેંગ્લોરની ટીમે પંજાબને ૮ વિકેટે હરાવ્યું હતું. જોકે પંજાબ માત્ર ૧૦૧ રન જ બનાવી શકતા, બેંગ્લોરે આસાનીથી વિજય મેળવી ફાઈનલ 'ટચ' કરી હતી. આ રીતે બેંગ્લોરે કુલ ૪થી વખત આઈપીએલ ઈતિહાસની ફાઈનલ રમવાની તક પ્રાપ્ત કરી છે.

બેંગ્લોરે છેલ્લે ૨૦૧૬માં ફાઈનલ રમીને ગુમાવી હતી, આમ ૯ વર્ષ બાદ પ્રથમ વખત ફાઈનલમાં બેંગ્લોર પહોંચી છે. લીગના પ્લે ઓફના ઈતિહાસમાં દડાના માર્જીનના આધારે પણ બેંગ્લોરનો આ સૌથી મોટા માર્જીનનો વિજય છે. બેંગ્લોરની ટીમે ૨૦૦૮ની ફાઈનલ ડેકકન ચાર્જસની ટીમ સામે ૬ વિકેટે ૨૦૧૧માં ચેન્નાઇ સુપર કિંગ્ઝ સામે ૫૮ રને, અને ૨૦૧૬માં સનરાઇઝ હૈદ્રાબાદ સામે ૮ રને હાર્યુ હતુ હવે ૨૦૨૫મા બેંગ્લોર સામે પંજાબ છે.

છેલ્લે બેંગ્લોર ૨૦૧૬માં હૈદ્રાબાદ સામે આર્યુ હતું તે સિઝનમાં વિરાટ કોહલીએ ૪ સદીની મદદથી ૯૭૩ રન બનાવ્યા હતા. ઉપરાંત તે મેન ઓફ ધ ટુર્નામેન્ટ પણ રહ્યો હતો. આ વખતે પણ તેનો દેખાવ સારો રહ્યો છે અને ટીમને ફાઈનલ સુધી પહોંચાડવા તેનો મહત્વનો ફાળો રહ્યો હતો. જોકે કમનસીબે ટીમ ફાઈનલ હારી હતી.

પંજાબનાં સુકાની શ્રેયસ અય્યરે ૨૦૨૪ની આઈપીએલ સિઝન-૧૭માં કલકતા નાઈટ રાઈડર્સ ટીમનું સફળ નેતૃત્વ કરીને ટીમને વિજયી બનાવ્યું હતું. સનરાઇઝ હૈદ્રાબાદ સામેની ફાઈનલમાં કલકતાનો ૮ વિકેટે વિજય થયો હતો હવે સતત બીજા વર્ષે પણ તે ટાઈટલ જીતવા કૃતનિશ્ચયી બની ચુકયો છે. આ સિઝન ખરા અર્થમાં ગુજરાત ટાઈટન્સ અને મુંબઇ ઈન્ડીયન્સ માટે અપસેટ સર્જનારી બની રહી.

# સિક્કીમમાં ભૂસ્ખલનથી ભારે તબાહીઃ ૧૬૦૦ લોકોને બચાવાયા

## રેસ્કયુ ઓપરેશન યથાવતઃ સૈન્ય શિબિરમાં ભૂસ્ખલનથી ૩ જવાનોના મોત



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

છેલ્લા કેટલાક દિવસથી ભારે વરસાદ, પુર અને ભૂસ્ખલનથી સિકકીમમાં ભારે તબાહી મચી છે. લાચંગ અને ચુંગથાંગમાં ૧૬૭૮ લોકો ફસાયા હતા. રેસ્કયુ ઓપરેશન દરમિયાન ૧૬૦૦થી વધુ લોકોને બચાવાયા હતા. હજુ પણ રેસ્કયુ ઓપરેશન ચાલુ છે. ૬ જવાનો હજુ પણ લાપતા છે.

ગઈકાલે મંગન જિલ્લાના છાતેનમાં એક સૈન્ય શિબિરમાં ભૂસ્ખલન થયું હતું. જેમાં ૩ જવાનોના મોત થયા હતા અને અન્ય ૬ જવાનો લાપતા બન્યા છે. ભારે વરસાદ અને ભૂસ્ખલનના કારણે મંગન જિલ્લામાં અનેક માર્ગો બંધ થઈ ગયા છે.

બીઆરઓએ સડક નેટવર્કને બહાલ કરવાનું કામ શરૂ કરી દીધું છે. જેથી વાહનોનું આવન-જાવન શરૂ થાય. છેલ્લા ચાર દિવસથી વરસાદ અને પુરને કારણે તિસ્તા નદી બે કાંઠે વહે છે તો આપતિના કારણે લાચુંગ, ગરુડોંગમાર, લાચેન ફુલેની ખીણ જેવા મુખ્ય પર્યટન સ્થળો પર ઉંડી અસર પડી છે.

તિસ્તા નદીમાં ખૂબ પાણી આવી ગયુ છે. આપતિના કારણે અનેક જગ્યાએ તિરાડો પડી છે. લાચેનમાં બે પુલ તબાહ થઈ ગયા છે. લાચેન અને લાચુંગ તરફ જતા જરૂરી રસ્તા પુરી રીતે કટ થઈ ગયા હતા. ખરાબ હવામાન અને દુર્ગમ વિસ્તારોમાં રાહત કામમાં મુશ્કેલીઓ પડી રહી છે.

# ભારત કહે છે તેના કરતા ઘણો મોટો હુમલો હતો, ૨૦ નહીં ૨૮ સ્થળે નુકસાનઃ પાકિસ્તાનની કબૂલાત




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પહલગામ આતંકી હુમલા બાદ આતંકવાદીઓને જડબાતોડ જવાબ આપતાં ભારતે ઓપરેશન સિંદૂર હાથ ધર્યું હતું. પાકિસ્તાને ઓપરેશન સિંદૂર મુદ્દે અનેક વખત જૂઠ્ઠાણું ચલાવ્યું હતું. પરંતુ તેના આ જૂઠાણાંનો પર્દાફાશ તેના જ ડોઝિયરે કર્યો છે. પાકિસ્તાનના ડોઝિયરે જ જણાવી દીધુ કે, ભારતે પાકિસ્તાનની અંદર સુધી જવાબી કાર્યવાહી કરી હતી. તેણે પાકિસ્તાનમાં ૨૦ નહીં પણ ૨૮ સ્થળે હુમલા કર્યા હતા.

ભારતીય સેનાએ પ્રેસ બ્રીફિંગમાં પાકિસ્તાનમાં હાથ ધરાયેલી જવાબી કાર્યવાહીમાં સ્થળોનો કોઈ ઉલ્લેખ કર્યો ન હતો. પરંતુ ડોઝિયરમાં તેનો ખુલાસો થયો છે કે, ભારતે પેશાવર, સિંધ, ઝાંગ, ગુજરાંવાલા, ભવાલનગર, અને છોર સહિત અનેક સ્થળોએ નુકસાન પહોંચાડ્યું હતું.

ભારતે પાકિસ્તાની સેનાના અનેક એરબેઝ પર હુમલા કર્યા હતાં. તેણે નૂર ખાન, રફીકી, મુરીદકે, સુકરૂર, સિયાલકોટ, પસરૂર, ચુનિયાન, અને સરગોધા સહિત કુલ ૧૧ એરબેઝ પર હુમલા કર્યા હતાં. મેક્સાર ટેક્નોલોજીસે પણ હુમલાથી થયેલા નુકસાનની સેટેલાઈટ ઈમેજ રજૂ કરી હતી. જેમાં ઓપરેશન સિંદૂરની સફળતાનો ખુલાસો થયો છે.

પાકિસ્તાન વિશ્વભરમાં ઓપરેશન સિંદૂર વિશે જૂઠ્ઠાણું ચલાવી રહ્યું છે. પરંતુ પાકિસ્તાની ડોઝિયરમાં આપવામાં આવેલા મેપએ તેનો પર્દાફાશ કર્યો છે. ભારતે ઓપરેશન સિંદૂરમાં પાકિસ્તાનમાં સ્થિત આતંકવાદીઓના નવ ઠેકાણાં નષ્ટ કર્યા છે. પાકિસ્તાન અને ર્ક્ષ્ઉંમાં ભારતે જૈશ-એ-મોહમ્મદના મુખ્યાલય અને મુરિદકેમાં લશ્કર-એ-તૈયબાના ટ્રેનિંગ સેન્ટર સહિત નવ સ્થળો પર હુમલા કર્યા હતાં. ૭ મેના રોજ હુમલો કરવામાં આવેલા અન્ય સ્થળોમાં મુઝફ્ફરાબાદ, કોટલી, રાવલકોટ, ચકસ્વરી, ભીમબર, નીલમ ખીણ, ઝેલમ અને ચકવાલ સામેલ છે. ભારતે પાકિસ્તાનના ૧૧ એરબેઝને ટાર્ગેટ કર્યા હતા.

પહલગામ હુમલા બાદ પાકિસ્તાને LOC અને આતંરરાષ્ટ્રીય સરહદો પર સીઝફાયરનું ઉલ્લંઘન શરૂ કરતાં રોજ મોર્ટાર અને આર્ટિલરી ગન વડે ગોળીબાર કર્યા હતાં. ૭ મેના રોજ ઓપરેશન સિંદૂર હાથ ધરાયા બાદ પાકિસ્તાને જવાબી કાર્યવાહી હાથ ધરતાં ભારતીય સેનાની છાવણીઓને ટાર્ગેટ બનાવી હતી. પરંતુ ભારતીય સેનાએ તેના તમામ હુમલાઓ નિષ્ફળ બનાવ્યા હતાં. ૧૦ મે સુધી બંને દેશો વચ્ચે સંઘર્ષ ચાલ્યો હતો. બાદમાં સીઝફાયરને સહમતિ આપવામાં આવી હતી.

# અયોધ્યાના સાત મંદિરોમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો શુભારંભ

**મુખ્ય સમાચાર, અયોધ્યા**

ઉત્તર પ્રદેશના અયોધ્યામાં વાતાવરણ ભક્તિમય બન્યું છે. મુખ્ય મંદિર તેમજ રામ મંદિર સંકુલના અન્ય ૭ મંદિરોમાં દેવી-દેવતાઓની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠાની વિધિઓ શરૂ થઈ ગઈ છે. આ ૮ મંદિરોને ફૂલોથી શણગારવામાં આવ્યા છે. બહારના ભાગો ઈલેક્ટ્રિક શણગારથી ઝગમગી રહ્યા છે. સોનાથી જડિત શિખર કળશ ઝળહળી રહ્યો છે. તે જ સમયે આજે સવારે ૬.૩૦ વાગ્યાથી પ્રાણ પ્રતિષ્ઠાની વિધિઓ શરૂ થઈ ગઈ છે. આ પૂજા આગામી ૧૨ કલાક સુધી ચાલુ રહેશે. આ દરમિયાન ૧૦૧ પુજારીઓ ૧૯૭૫ મંત્રોનો પાઠ કરશે. અગ્નિ દેવતાને આહુતિ અર્પણ કરવામાં આવશે. ઉપરાંત, મૂર્તિઓના શુદ્ધિકરણની વિધિ પણ પૂર્ણ થઈ રહી છે. બુધવારે પણ, પૂજા વિધિ એ જ રીતે પૂર્ણ થશે.

રામ મંદિરમાં વિધિના ભાગ રૂપે રામ રક્ષા સ્તોત્ર, હનુમાન ચાલીસા અને અન્ય ભક્તિ સ્તોત્રોનો પાઠ કરવામાં આવી રહ્યા છે. પ્રાણ પ્રતિષ્ઠાનો મુખ્ય સમારોહ ૫ જૂને યોજાશે. આમાં રામ દરબાર (શ્રી રામ, સીતા, લક્ષ્મણ અને હનુમાન) ની પ્રાણ પ્રતિષ્ઠા સાથે, સાત અન્ય મંદિરોમાં મૂર્તિઓ સ્થાપિત થવાની છે. આ માટે સવારથી જ તમામ મંદિરોમાં મૂર્તિઓના શુદ્ધિકરણની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

અયોધ્યા નગરીમાં આજથી શ્રી રામ જન્મભૂમિ ખાતે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ શરૂ થઈ છે. શ્રી રામ જન્મભૂમિ ખાતે ૩ જૂને સવારે ૬.૩૦ વાગ્યે બીજો પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ શરૂ થયો છે. ૩ જૂનથી શરૂ થઈને ૫ જૂન સુધી ચાલુ રહેનારા આ સમારોહમાં રામ જન્મભૂમિના પહેલા માળે આવેલા રામ દરબારના આઠ મંદિરો, પરકોટા, શિવલિંગ, ગણપતિ, હનુમાન, સૂર્ય, ભગવતી અને અન્નપૂર્ણાના છ મંદિરો, શેષાવતાર મંદિર સહિત દેવતાઓની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા થશે. રામ મંદિરને સુંદર રોશનીથી શણગારવામાં આવ્યું છે.

૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ ભગવાન શ્રી રામને બાલક રામ તરીકે સ્થાપિત કરવામાં આવ્યા હતા. હવે બીજી પ્રાણ પ્રતિષ્ઠામાં ભગવાન રામને રાજા તરીકે સ્થાપિત કરવામાં આવશે. રામ મંદિરના પહેલા માળે રાજા રામનો દરબાર હશે. આ દરબારમાં ભગવાન રામ તેમના નાના ભાઈ લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન, માતા જાનકી અને સેવક હનુમાન સાથે હાજર રહેશે. અયોધ્યા પહોંચતા ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રામલલાના દર્શન કર્યા પછી ભક્તો રાજા રામની પ્રાણ પ્રતિષ્ઠાને લઈને ઉત્સાહિત છે. ત્રિદિવસીય સમારોહમાં મંગળવાર અને બુધવારે સવારે ૬.૩૦ કલાકથી ૧૨ કલાક સુધી પૂજા-અનુષ્ઠાન થશે. જેમાં ૧૯૭૮ મંત્રોની સાથે અગ્નિ દેવતાને આહુતિ આપવામાં આવશે.

# ગુજરાત કોંગ્રેસના સંગઠનમાં નિર્ધારીત સમયમાં કોઇ ફેરફાર નહીં

## ૩૧ મે સુધીમાં ધરખમ ફેરફારો કરવાની મહેતલ જાહેર થઈ હતી



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાષ્ટ્રીય રાજકારણમાં એક પછી એક પછડાટ તથા સ્થાનિક સ્તરે નેતાઓના ઘટતા પ્રભાવ-લોકપ્રિયતાને પગલે કોંગ્રેસને ફરી બેઠી કરીને લોકોની વચ્ચે જવા રાહુલ ગાંધીએ હાથ ધરેલા પ્રોજેકટમાં પ્રથમ તબકકે જ સૂરસૂરીયુ થયુ હોય તેમ ગુજરાત કોંગ્રેસના સંગઠનમાં નિર્ધારિત સમયમાં કોઈ ફેરફાર થયો નથી.

૩૧ મે સુધીમાં કોંગ્રેસ સંગઠનનો કાયાકલ્પ થવાનુ અને ટોપ-ટુ-બોટમ ફેરફારો થવાનુ જાહેર કરવામાં આવ્યુ હતું. પરંતુ મહેતલ ચુકાઈ ગઈ છે. જો કે, કોંગ્રેસના સૂત્રોએ કહ્યું કે સમગ્ર પ્રક્રિયા પુર્ણ થઈ જ ગઈછે અને ગમે ત્યારે જાહેરાત થઈ શકે છે.

કોંગ્રેસ દ્વારા તમામ રાજયોમાં સંગઠન કાયાકલ્પનો નિર્ણય લેવાયો હતો. લોકોની વચ્ચે રહેતા હોય અને પાર્ટી વિચારધારાને વરેલા નેતાઓને જ હોદા સોંપવા નકકી થયુ હતુ. રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધીએ ખુદ આ બીડુ ઝડપ્યુ હતુ.

આ પહેલના ભાગરૂપે રાહુલ ગાંધી બે-બે વખત ગુજરાત આવ્યા હતા. આગેવાનો સાથે બેઠક કરી હતી. મુક્ત રીતે રજુઆત સાંભળીને એવો ખુલાસો કર્યો હતો કે કેટલાંક નેતાઓનુ ભાજપ સાથે ફીકસીંગ છે અને તેઓને દરવાજો દેખાડાશે.

આ કવાયતના ભાગરૂપે રાજયભરમાં કોંગ્રેસના આગેવાનો વિશે જાહેર તથા ખાનગી સર્વે કરાવવામાં આવ્યો હતો. મોટાભાગના શહેર-જીલ્લા પ્રમુખો બદલીને ધરમૂળથી ફેરફાર કરવાની રણનીતિ અપનાવવામાં આવી હતી. સંભવિત હોદેદારોને પણ રૂબરૂ તેડાવવામાં આવ્યા હતા. મોવડીઓએ નિરીક્ષક નિમ્યા હતા અને તેઓએ સેન્સ પ્રક્રિયા કરી હતી. ખાનગી સર્વે પણ કરાવ-ાયો હતો. બન્નેનું મીશ્રણ કરીને હોદેદારોના નામની પસંદગી પ્રક્રિયા કરવામાં આવી હતી.

૩૧ મે સુધીમાં સંગઠનમાં બદલાવ કરી લેવાની સમયસીમા નકકી કરવામાં આવી હતી. પરંતુ આ મહેતલ મુકાઈ ગઈ છે. કોંગ્રેસના સૂત્રોએ કહ્યું કે વિસાવદર તથા કડી વિધાનસભા બેઠકની પેટાચુંટણી જાહેર થઈ જતા પ્રક્રિયા અવરોધાઈ હતી છતાં એકાદ-બે દિવસમાં જાહેરાત થવાની સંભાવના છે.

# હવે તમામ સરકારી હોસ્પીટલોમાં ફાર્મા કંપનીઓના મેડીકલ રીપ્રેઝન્ટેન્ટીવ માટે પ્રવેશબંધી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં મેડીકલ માફીયાઓ તબીબો-ફાર્મા કંપનીઓની સાંઠગાંઠના અનેક કેસો બહાર આવે છે તો ચોકકસ કંપનીઓની દવાજ ખરીદવા જે રીતે તબીબો પ્રિસ્કાઈબ કરે છે તેને ગઠબંધન તોડવામાં સરકારને સફળતા મળી નથી પણ હવે તમામ સરકારી હોસ્પીટલોમાં ફાર્મા કંપનીઓના જે મેડીકલ રીપ્રેઝન્ટેન્ટીવ માટે પ્રવેશબંધી જાહેર કરી છે.

એમ.આર. તરીકે ઓળખતા આ દવાના સેલ્સમેન જેવી ભૂમિકા ભજવતા પ્રોફેશનલ ચોકકસ દવાઓ લખવા તબીબોને ભલામણ કરે છે જેના બદલામાં તબીબોને ફાર્મા કંપનીઓ 'સાચવી' લે છે અને અનેક લાભો આપે છે પણ હવે ડિરેકટર જનરલ ઓફ હેલ્થ સર્વિસ એ એક આદેશમાં કોઈપણ સરકારી હોસ્પીટલોમાં આ એમ.આર.ના પ્રવેશ પર જ પ્રતિબંધ મુકી દીધો છે.

જો તેઓ કોઈ સરકારી પ્રોજેકટના ભાગરૂપે દવાના પરિક્ષણ વિ. સાથે સંકળાયેલા હોય તો તેઓને ઈ-મેલ અથવા ડીજીટલ માધ્યમથી જ સંપર્ક કરવાનો રહેશે અને તે હેલ્થ ઓથોરિટીને પણ જાણ કરવી જરૂરી બનશે. ફાર્મા કંપનીઓ અનેક વખત બિનજરૂરી મોંઘી દવાઓ દર્દીઓને પ્રિસ્કાઈબ કરવા તબીબોને લાલચ આપે છે અને યેન-કેન પ્રભાવ પાડવાની પણ કોશીશ કરે છે.

દવાના પ્રમોશન કે નવી દવાના લોન્ચીંગમાં પણ તેમની ભૂમિકા મહત્વની હોય છે. ગત વર્ષે ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્માસ્યુટીકલ દ્વારા ફાર્મા માર્કેટીંગ માટે એક યુનિફોર્મ સિવિલ કોડ જાહેર કર્યો હતો. જેમાં વિવિધ વિકલ્પોની ફાર્મા કંપનીઓ તબીબોની સાંઠગાંઠ તોડવા પ્રયાસ થયો છે.

# જામનગરના ૬૦ વર્ષીય મનસુખભાઈ બુજડ ૪૬૦ કિ.મી.ની સાયકલ યાત્રા કરી 'મેદસ્વીતા મુક્ત ગુજરાત અભિયાન'માં સહભાગી થયાં

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના મનસુખભાઈએ જામનગરથી દ્વારકા, દ્વારકાથી રાજકોટ અને રાજકોટથી જામનગર સુધીની સાયકલિંગ માત્ર ૨૭ કલાકમાં પૂર્ણ કરી.સાયકલિંગ એ હૃદય રોગ, સ્ટ્રોક, કેન્સર, ડાયાબિટીસ જેવી બિમારીઓ સામે લડવામાં મદદરૂપ.નિયમિત સાયકલ ચલાવવાથી તંદુરસ્ત શરીરની સાથે અમૂલ્ય પર્યાવરણને પણ અનેક ફાયદા.આધુનિક જીવનશૈલીના કારણે વધતી જતી સ્થૂળતા એક ગંભીર સમસ્યા બની રહી છે, જે બાળકો, યુવાઓ અને વડીલો સૌને અસર કરી રહી છે. આ સમસ્યાના નિરાકરણ માટે, સક્રિય જીવનશૈલી અપનાવવા, તણાવ દૂર કરવા અને પ્રકૃતિ સાથે ફરી જોડાવા માટે સાયકલિંગ એક સરળ અને શક્તિશાળી માધ્યમ છે. નિયમિત સાયકલ ચલાવવાથી તંદુરસ્ત શરીરની સાથે વાહનોના પ્રદૂષણને ઘટાડીને પર્યાવરણનું રક્ષણ પણ કરી શકાય છે. નાગરિકોને સાયકલિંગના ફાયદાઓ વિશે જાગૃત કરવાના ઉદ્દેશ્યથી દર વર્ષે ૩ જૂનના રોજ યુનાઈટેડ નેશન્સ (ઞગ) દ્વારા 'વિશ્વ સાયકલ દિવસ' ઉજવવામાં આવે છે.

**૬૦ વર્ષીય મનસુખભાઈ બુજડનું પ્રેરણાદાયક ઉદાહરણઃ** જામનગરના ૬૦ વર્ષીય



મનસુખભાઈ બુજડે 'મેદસ્વિતા મુક્ત અભિયાન'માં પોતાની અદભૂત પ્રતિબદ્ધતા દર્શાવી છે. તેમણે જામનગરથી દ્વારકા, દ્વારકાથી રાજકોટ અને રાજકોટથી જામનગર સુધીની ૪૬૦ કિલોમીટરની લાંબી સાયકલ યાત્રા માત્ર ૨૭ કલાકમાં પૂર્ણ કરી હતી.

મનસુખભાઈની આ સિદ્ધિ તેમના ઉત્સાહ, શારીરિક તંદુરસ્તી અને 'મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન પ્રત્યેની તેમની નિષ્ઠાનું પ્રતીક છે. તેમની આ યાત્રા દ્વારા તેમણે અન્ય લોકોને પણ સક્રિય જીવનશૈલી અપનાવવા અને સાયકલિંગના સ્વાસ્થ્ય લાભો પ્રત્યે જાગૃત કરવાનો સંદેશ આપ્યો છે. મનસુખભાઈનું ઉદાહરણ દર્શાવે છે કે ઉંમર કોઈ બંધન નથી અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા માટે ક્યારેય મોડું થતું નથી.તેઓએ અન્યોને પણ પોતાના દૈનિક જીવનમાં સાયકલિંગનો સમાવેશ કરીને 'મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાનનો ભાગ બનવા અપીલ કરી છે.ફિટ ઇન્ડિયા સન્ડેઝ ઓન સાયકલ અને મેદસ્વિતા મુક્ત ભારત.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્થૂળતા સામે લડવા અને સ્વસ્થ, સક્રિય જીવનશૈલી અપનાવવાના હેતુસર કેન્દ્ર સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા 'ફિટ ઇન્ડિયા સન્ડેઝ ઓન સાયકલ' રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂ કર્યું છે. આ અભિયાનમાં અત્યાર સુધીમાં ૪,૬૦૦ થી વધુ સ્થળોએ લગભગ ૨ લાખ સાયકલ પ્રેમી નાગરિકો સહભાગી થયા છે.આજે ભારત સહિત સમગ્ર વિશ્વમાં મેદસ્વિતા એક ગંભીર સમસ્યા બની રહી છે, જેના કારણે અનેક બીમારીઓ થવાની શક્યતા રહેલી છે. દેશના નાગરિકો માટે સ્વસ્થ શરીરના મહત્વને સમજીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૨૫માં 'ઓબેસિટી મુક્તિ' અભિયાનની રાષ્ટ્રવ્યાપી પહેલ શરૂ કરી છે. આના ભાગરૂપે, ગુજરાતને મેદસ્વિતા મુક્ત બનાવવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે 'સ્વસ્થ ગુજરાત-મેદસ્વિતા મુક્ત ગુજરાત'ની ઝુંબેશ શરૂ કરી છે.

સાયકલિંગના સ્વાસ્થ્ય લાભો.વજન ઘટાડવામાં અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવ-ામાં સાયકલિંગની મહત્વપૂર્ણ ભૂમિકા રહેલી છે. સાયકલિંગના મુખ્ય ફાયદાઓમાં નીચેનાનો સમાવેશ થાય છે.ઉત્તમ કાર્ડિયોવાસ્ક્યુલર કસરતઃ હૃદય માટે ફાયદાકારક છે અને નિયમિત કરવાથી શરીરનું વજન ઘટાડવામાં મદદ મળે છે.ફેફસાંની કાર્યક્ષમતામાં સુધારોઃ શ્વાસ લેવાની પ્રક્રિયામાં સુધારો કરે છે.માનસિક સ્વાસ્થ્યઃ મન પર સકારાત્મક અસર કરે છે, જે માનસિક આરોગ્ય સુધારે છે અને તણાવ ઘટાડે છે.ચરબીમાં ઘટાડો અને પોષણશક્તિમાં વધારોઃ શરીરની ચરબી ઘટાડે છે અને સ્નાયુઓને મજબૂત બનાવે છે.ગંભીર રોગોનું જોખમ ઘટાડેઃ હૃદય રોગ, સ્ટ્રોક, કેન્સર, ડાયાબિટીસ અને મૃત્યુનું જોખમ ઘટાડી શકાય છે.બાળકોની ઊંચાઈમાં વધારોઃ સાયકલિંગ નાના બાળકોની ઊંચાઈ વધારવામાં મદદરૂપ થઈ શકે છે.

ન્યાય પ્રક્રિયાને સુલભ અને કાર્યક્ષમ બનાવવા નવતર પહેલ

# કાલે જામનગર ડિસ્ટ્રિક્ટ કોર્ટ ખાતે ફોર્મેલ વિટનેસ ડિપોઝિશન સેન્ટરનું ઉદ્દઘાટન

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ન્યાય પ્રક્રિયાને સુલભ અને કાર્યક્ષમ બનાવવા નવતર પહેલ.આગામી તા.૦૪ જૂનના રોજ જામનગર ડિસ્ટ્રિક્ટ કોર્ટ ખાતે ફોર્મલ વિટનેસ ડિપોઝિશન સેન્ટરનું ઉદ્દઘાટન કરાશે.અન્ય જિલ્લાઓમાં આવેલી અદાલતોમાં રૂબરૂ હાજર રહેવા અથવા મુસાફરી કરવા સક્ષમ નથી, તેવા સાક્ષીઓ હવે સ્થાનિક કક્ષાએ જ આ સેન્ટરમાં હાજર રહીને વિડિઓ કોન્ફરન્સ દ્વારા પુરાવાઓ આપી શકશે.જામનગર , સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટના દિશા-નિર્દેશોને અનુસરીને ન્યાય પ્રક્રિયાને વધુ ઝડપી અને સુલભ બનાવવાના ઉમદા હેતુસર આગામી તા.૦૪.૦૬.૨૦૨૫ ના રોજ સવારે ૧૦:૧૫ કલાકે જામનગર ડિસ્ટ્રિક્ટ કોર્ટ ખાતે ફોર્મલ વિટનેસ ડિપોઝિશન સેન્ટરનું ઉદ્દઘાટન થવા જઈ રહ્યું છે.આ નવનિર્મિત સેન્ટર આધુનિક ક ા ય દ ા , એટલે.કે.બી.એન.એન.એસ-૨૦૨૪ મુજબની સુવિધાઓથી સજ્જ છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય સાક્ષીઓ અને પુરાવા આપનારાઓને ન્યાયિક પ્રક્રિયામાં સહભાગી થવા માટેની પ્રક્રિયાને સરળ બનાવવાનો છે.આ ફોર્મલ વિટનેસ ડિપોઝિશન સેન્ટર સાક્ષીઓ અને કોર્ટ માટે અનેકવિધ ફાયદાઓ પ્રદાન કરશે. નિવૃત્ત સરકારી કર્મચારીઓ અને કોર્ટના સાક્ષીઓ એફ.એસ.એલ. નિષ્ણાત, પોલીસ અધિકારી, મેડીકલ ઓફિસર કે જેઓ અન્ય જિલ્લાઓમાં આવેલી અદાલતોમાં રૂબરૂ હાજર રહેવા અથવા મુસાફરી કરવા સક્ષમ નથી, તેઓ હવે પોતાના સ્થાનિક કક્ષાએ જ જામનગર ડિસ્ટ્રિક્ટ કોર્ટના આ સેન્ટરમાં હાજર રહીને વિડિઓ કોન્ફરન્સ દ્વારા પુરાવાઓ આપી શકશે. આનાથી સાક્ષીઓને લાંબી મુસાફરી અને તેના આનુષંગિક ખર્ચમાંથી મુક્તિ મળશે, જેનાથી તેમનો કિંમતી સમય અને પૈસા બંને બચશે. સાથે જ આ સેન્ટર સાક્ષીઓને તેમની અનુકૂળતા મુજબ પુરાવા આપવા માટેનું વાતાવરણ પણ પૂરું પાડશે,આ પ્રણાલીથી ન્યાયિક પ્રક્રિયામાં તેમની સહભાગીતામાં વધારો થશે. નામદાર ગુજરાત હાઈકોર્ટે ની સુચના અનુસાર જામનગર ડિસ્ટ્રિક્ટ કોર્ટ ન્યાયિક પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ, સુલભ અને સાક્ષી-કેન્દ્રિત બનાવવાનો પ્રયાસ કરી રહી છે.જિલ્લા ન્યાયાધીશ જામનગર દ્વારા આ સેન્ટરનું ઉદ્દઘાટન કરવામાં આવશે, જે ન્યાય વ્યવસ્થામાં એક નવા અધ્યાયનો પ્રારંભ સૂચવે છે.

# જામનગરના મોટા થાવરીયા ગામમાં જમીનના કાનૂની વિવાદમાં વચ્ચે પડેલા શખ્સે પી.આઇ. અને પીએસઆઇને ધમકી આપી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકાના મોટા થાવરિયા ગામમાં આવેલી એક ખેડૂતની જમીનની માલિકીના કાનૂની વિવાદ વચ્ચે કૂદેલા એક શખ્સે અન્ય સાગરીતોની મદદગારીથી પીએસઆઈ અને પીઆઈ સામે બીભત્સ વાણીવિલાસ કરી એટ્રોસિટીનો કેસ કરવાની ધમકી આપી હોવાની ખુદ પી.આઈ.એ ફરિયાદ નોંધાવી છે.ખેડૂતના કબજાની વાડીએ આવીને બેસી ગયેલ આરોપીઓને લઈને ખેડૂતે પંચકોશી એ. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફોન કરતાં પીએસઆઈ સહિતનો સ્ટાફ મોટા થાવરિયા ગામે પહોચ્યો હતો. જ્યાં આરોપીઓએ પીએસ.આઈ.ની ટીમ સામે બીભત્સ વાણી વિલાસ કર્યો હોવાથી પીએસઆઈએ પીઆઈને જાણ કરી હતી. દરમિયાન સ્થળ પર પહોચેલા પી.આઈ. સાથે પણ આરોપીઓએ જીભાજોડી કરી એસ્ટ્રોસિટીની ફરિયાદની ધમકી આપતાં પોલીસે ત્રણેયને ડીટેઈન કરી પોલીસ દફતર લઈ આવી ફરિયાદ નોંધી છે. જેમાં પી.આઈ. જાતે ફરિયાદી બન્યા છે.આ બનાવની વિગત એવી છે કે જામનગર તાલુકાના મોટા થાવરિયા ગામે રહેતા કાનજી બાબુ સંઘાણીએ ફોન કરી પંચકોશી પોલીસ દફતરને જાણ કરી હતી કે ત્રણ શખ્સો આવીને પોતાની વાડીમાં ઝઘડો કરે છે,

જેને લઈને સૌ પ્ર થ મ . પી . એ સ . આ ઈ . એ.આર.પરમાર સહિતનો સ્ટાફ મોટા થાવરિયા ગામે પહોચ્યો હતો, જ્યાં લાલપુર તાલુકા મથકે રહેતો જીતેશ ઉર્ફે જીતુભાઈ ચનાભાઈ ચાવડા નામનો શખ્સ કાલાવડ તાલુકાના ખાન કોટડા ગામના ઈમ્તીયાઝશા અબ્દુલશા શાહમદાર અને દિગ્વિજયસિંહ મહાવીરસિંહ જાડેજા નામના બે શખ્સો સાથે મળી આવ્યા હતા.દરમિયાન ત્યાં હાજર રહેલા જીતેશે પી.એસ.આઈ. સામે વાણીવિલાસ આચરી પોતે અનુસૂચિત જ્ઞાતિનો હોવાથી એટ્રોસિટી અંગે ફરિયાદની ધમકી આપતાં આ બનાવ અંગે પી.એસ.આઈ. પરમારે પોતાના પોલીસ મથકના પી.આઈ. એન.એમ.શેખને જાણ કરી હતી. દરમિયાન પીઆઈ એમ.એન.શેખ ખાનગી વાહન સાથે મોટા થાવરિયા ગામે પહોચ્યા હતા.જ્યાં જીતેશે પી.આઈ. સાથે પણ બીભત્સ વાણીવિલાસ આચરી એસ્ટ્રોસિટીની ફરિયાદ કરવાની ધમકી આપતાં પી.આઈ. એન.એમ.શેખ. અને તેઓની સમગ્ર પોલીસ ટીમે ત્રણેય વ્યક્તિને ડિટેઇન કરી લીધા હતા, અને પંચકોશી એ. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયા બાદ ત્રણેય સામે પી.આઇ. એન.એમ. શેખ જાતે ફરિયાદી બન્યા હતા, અને તેઓ સામે પોલીસની ફરજમાં રૂકાવટ કરવા અંગે ભારતીય ન્યાય સંહિતા ૨૦૩૩ ની કલમ ૨૨૧, ૩૫૧(૨), ૨૯૬(ખ), ૫૪ મુજબનો ગુન્હો નોંધ્યો છે, અને આગળની તપાસ હાથ ધરી છે.

# જામનગર સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, પ્રિન્સિપાલ મેજિસ્ટ્રેટ. જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ જામનગરનાં એ.વી.પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લા બાળ સુરક્ષા એકમ, જામનગર અને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, જામનગર દ્વારા ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટ નોર્મલ રેન્જ, જામનગર સાથે સંકલન કરી સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ જામનગર ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.કાર્યક્રમમાં બાળકોના મનોરંજન હેતુ ખાસ કરીને પતંગિયાઓ આકર્ષાય તેવા પ્રકારના છોડનું વાવેતર કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જુવેનાઇલ જસ્ટીસ બોર્ડના સભ્ય ધવલભાઈ નાખવા, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી આર.જે.શિયાર, લીગલ કમ પ્રોબેશન ઓફિસર જ્યોત્સનાબેન હરણ તેમજ જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ અને સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ જામનગરના કર્મચારીઓ ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટ નોર્મલ રેન્જ જામનગરના કર્મચારીઓ વગેરે હાજર રહ્યા હતા.

# ગીર ગઢડા તાલુકા ને જી.આઇ. ડી.સી. આપવા બાબતે ધર્મેશ રાખોલીયાની રજૂઆત

ગીર ગઢડા તાલુકાના વિકાસ માટે સતત કાર્યશીલ ભાજપ પ્રમુખ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ગીર ગઢડા તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશ રાખોલીયા દ્વારા માનનીય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ને ગીર ગઢડા તાલુકા ને જી. આઈ. ડી. સી. ફાળવવા અંગે રજૂઆત કરી હતી , જે રજૂઆત અનુસંધાને રજૂઆત ને VVIP કેટેગરી માં લઈ અને નિયમો અનુસાર ની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે , જે અંગે ની જાણ વિભાગ દ્વારા પ્રમુખ ધર્મેશ રાખોલીયા ને મળેલ છે.



આ અંગે ધર્મેશ રાખોલીયા સાથે વાતચીત કરતા જણાવવા માં આવ્યું છે કે પાર્ટી ના સંનિષ્ઠ કાર્યકરો , આગેવાનો અને માનનીય ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ ના માર્ગદર્શન મુજબ સતત ટીમ ગીર ગઢડા ભાજપા અમે કાર્યશીલ છીએ , આગામી સમય માં ગીર ગઢડા ના લોકો નો આરોગ્ય , પ્રવાસન અને રોજગાર અને ખેતી ક્ષેત્રે વિકાસ થાય તે અમારી પ્રાથમિકતા રહેશે , અને સહુ સાથી કાર્યકરોની મહેનતથી ગીર ગઢડા તાલુકા ભાજપ નો ખૂબ વ્યાપ વધે તે અમારું લક્ષ્ય છે - ધર્મેશ રાખોલીયા

# તમારું આરોગ્ય બચાવો. તમારા સપનાઓ જીવંત રાખો. શક્તિ તમારા હાથમાં છે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તમાકુના વ્યસનના કારણે અમદાવાદ જિલ્લા સહિત સમગ્ર દેશમાં અનેક લોકો મૃત્યુના મુખમાં ધકેલાય રહ્યા છે. ખાસ કરીને યુવાનોમાં જો વ્યસનનું પ્રમાણ વધે તો વધુ ગંભીર પરિણામો આવી શકે તેવી શક્યતાઓ રહેલી છે ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણી અંતર્ગત ખાસ તમાકુ વિરોધી અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. અધિક નિયામક પરિવાર કલ્યાણ ગાંધીનગર ડો. નયન જાનીની ઉપસ્થિતિમાં અમદાવાદ જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો. ચિંતન દેસાઈ દ્વારા તમાકુ વિરોધી શપથ લેવડાવવામાં આવ્યા અને લોકોને વ્યસન મુક્ત બનવા માટે અપીલ કરવામાં આવી હતી. તાલુકા આરોગ્ય કચેરી વિરમગામ દ્વારા પોપેટ શો દ્વારા વ્યસન મુક્તિનો સંદેશ આપવામાં આવ્યો હતો.




અધિક નિયામક પરિવાર કલ્યાણ ગાંધીનગર ડો.નયન જાનીએ સી.એમ.એમ ભારત સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, વિશ્વ તમાકુ નિષેધ દિવસે, આપણે એ યાદ કરીએ કે અસલી તાકાત સ્વાસ્થ્ય પસંદ કરવામાં છે, નહીં કે લત કે વ્યસનમાં. તમારું ભવિષ્ય તમાકુ ઉદ્યોગો ના લક્ષ ને ખુલ્લું પાડવાનું છે કારણ કે તેમને ખબર છે કે યુવા ઓ માં બદલાવ લાવવાની શક્તિ છે. તમાકુને કહો ના અને જિંદગીને કહો હા, તંદુરસ્ત શરીરને એકાગ્ર મન હોય તો એક ઉજ્જ્વળ ભવિષ્ય છે. તમારા આજના નિર્ણયો આવતીકાલનો વિશ્વ ઘડે છે. હિંમત બતાવો, જાગૃત રહો અને એ પેઢી બનો જે તમાકુનો અંત લાવે. તમારું આરોગ્ય બચાવો. તમારા સપનાઓ જીવંત રાખો. શક્તિ તમારા હાથમાં છે.

# પૈસા બાબતે ઝઘડો થતાં કળિયુગના શ્રવણે જનેતાને છરી ઝીંકી દીધી

પતિ સાથે છૂટાછેડા બાદ જે પુત્રને લાડથી રાખ્યો તેણે જ માતા પર હીચકારો હુમલો કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં પૈસા બાબતે માતા સાથે ઝઘડો થતાં જે પુત્રને પતિ સાથે છૂટાછેડા બાદ લાડથી મોટો કર્યો તેને જ છરી ઝીંકી દેતા જનેતા હોસ્પિટલના બિછાને પહોંચી છે. ઘટના અંગે પોલીસે ગુન્હો નોંધી વધુ તાપસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ, સોરઠીયાવાડી સર્કલ નજીક સુતા હનુમાનના મંદિર નજીક રહેતા આરતીબેન મહેશભાઈ નિમાવત ઉ.૪૫ નામની મહિલાએ ભકતિનગર પોલીસ મથકમાં પુત્ર રાહુલ નિમાવત વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ૧૨ વર્ષ પૂર્વે પતિ સાથે છૂટાછેડા લઇ લીધા હતા. ત્યારથી પુત્ર રાહુલ સાથે રહેતા બે દિવસ પહેલા રાહુલે માતા આરતીબેનને ૯ હજાર સાચવવા આપ્યા હતા.જે પરત માંગતા આરતીબેને હાલ તેઓ પાસે પૈસા ન હોય પછી આપી દેશે તેવું કહેતાં જ રાહુલ ઉશ્કેરાયો હતો અને માતાને ગાળોભાંડી હતી. ગુસ્સામાં આંધળા બનેલા યુવકે રસોડામાંથી શાક સુધારવાની છરી લઈ માતાને જમણા હાથમાં ઝીંકી દીધી હતી.

માતા પર હુમલા બાદ પુત્ર દર્દથી કણસતી માતાને મૂકી ત્યાંથી નાસી છૂટ્યો હતો. જે બાદ આરતીબેને બનાવ અંગે તેમના ભાઈને જાણ કરતાં સારવ-ાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઉનામાં ફેમિલી કોર્ટનું ઉદ્દઘાટન કરતા જજ ટી.જે. દેવડા



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

આજરોજ ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકા ખાતે હાઈકોર્ટના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં અલગ અલગ તાલુકાઓમાં ફેમિલી કોર્ટ નું નિર્માણ કરવામાં આવેલ જેમાં ઉના ખાતે ફેમિલી કોર્ટનું ઉદ્દઘાટન રાખેલ હતું જેમાં ફેમિલી કોર્ટના જજ ટી.જે. દેવડાના હસ્તક પ્રથમ દીપ પ્રાગટ્ય કરી રીબીન કાપી અને કોર્ટ ને ખુલ્લી મુકેલી હતી ત્યારબાદ ટી.જે .દેવડા સાહેબે ફેમિલી કોર્ટ નું મહત્વ સમજાવેલ આ તકે આ પ્રસંગમાં ડિસ્ટ્રિક્ટ એન્ડ સેસન્સ જજ ઉના શ્રી એમ એમ સૈયદ સાહેબ તથા પ્રિન્સિપલ સિનિયર સિવિલકોર્ટના જજ ખાટ તથા ઉના વકીલ મંડળના પ્રમુખ પી.બી બારૈયા તથા ઉપપ્રમુખ નિલેશભાઈ ડાભી તથા કારોબારી સભ્યો તથા તમામ વકીલ હાજર રહેલા હતા. આ તકે જજીસ ઓનું ઢોલ શરણાઈ સાથે સ્વાગત કરવામાં આવેલ હતું.

# રૈયાધાર વિસ્તારમાં ટ્રેકટરના ચાલકે બાઈકને હડફેટે લેતા આધેડનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયા ધાર વિસ્તારમાં શાંતિનગર ગેટની સામે મચ્છુનગર કવાર્ટર પાસે અજાણ્યો ટ્રેક્ટરનો ચાલક બાઈકને હડફેટે લઈ ભાગી જતાં ચાલક કિશોરભાઈ રવજીભાઈ સોલંકી (ઉ.વ.૪૫,રહે. મચ્છુનગર કવાર્ટર પાસે)નું મૃત્યુનિપજયું હતું.

ગાંધીગ્રામ-૨ પોલીસે આ અંગે મૃતકના મોટાભાઈ દિનેશભાઈ સોલંકી (ઉ.વ.૫૦)ની ફરિયાદ પરથી અજાણ્યા વાહન ચાલક સામે ગુનો દાખલ કરી શોધખોળ શરૂ કરી છે. દિનેશભાઈ ઘરે હતા ત્યારે તેના ભત્રીજા રેનીશે ઘર પાસે આવી તેના પિતા કિશોરભાઈને એકસીડન્ટ થયું હોવાની જાણ કરતાં તે ભત્રીજા સાથે મચ્છુનગર કવાર્ટર પાસે સ્થિત કચરા પેટી પાસે ગયા હતા. જયાં ઈજાગ્રસ્ત હાલતમાં તેનો ભાઈ મળી આવતાં તેને ૧૦૮ મારફત સિવીલમાં ખસેડાયો હતો.જયાં તેનું મૃત્યુ નિપજયું હતું. કિશોરભાઈ બાઈક લઈને જઈ રહ્યા હતા ત્યારે પાછળથી અજાણ્યા ટ્રેકટરના ચાલકે તેને હડફેટે લેતાં બનાવ બન્યાનું ખુલતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મનહર પ્લોટમાં અગાઉના ઝઘડાનો ખાર રાખી પાડોશીનો પ્રૌઢ પર છરીથી હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મનહર પ્લોટમાં રહેતા અને એન્જીનીયરીંગનો અભ્યાસ મ કરતા દીપસિંહ હરેશસિંહ પરમાર (ઉ.વ.૨૧)ના કાકાએ ચારેક મ મહિના પહેલા પ્રજવલ્લ વિપુલભાઈ દેશાણીના મમ્મીને ઝાપટ મારેલ હોય જેનો ખાર રાખી આ પ્રજવલ્લે એકદમ ઉશ્કેરાઈ જઈને દીપસિંહના કાકા સાથે ગાળાગાળી કરીને ડાબા પગ માં ઢીંચણની નીચે પીંડીના ભાગે છરી મારી દઈ ગંભીર પ્રકારની ઈજા કરી તેમજ કાકાને શરીરે ઢીંકાપાટુનો મૂંઢ ઇજા કરતા એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. આ બનાવમાં દીપસિહે ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું હાલમાં ક્રાઈસ્ટ કોલેજમાં કોમ્પ્યુ ટર એંજીનીયરીંગનો અભ્યાસ કરૂ છું. ગઈકાલ રાત્રીના હું મારા ઘરેથી મનહર પ્લોટ શેરી નં-૦૬માં આવેલી મોબાઈલની દુકાને જવા નીકળેલ ત્યારે મારા કાકા અલ્પેશસિંહ બહાદુરસિંહ પરમાર પોતાના નિત્યક્રમ મુજબ ઘરની બહાર આવેલા ઓટલા પર બેઠા હતા બાદમાં મોબાઈલની દુકાન પર મારુ કામ પતાવી હું દસેક મિનીટ બાદ મારા ઘરે પરત ફરતો હતો એવામાં જુના પાડોશી ઈશાનનો મારા પર ફોન આવલ અને મને કહેવા લાગેલ કે અહિં તારા ઘર પાસે તારા કાકા અલ્પેશસિંહ બહાદુરસિંહ પરમારને કોઈએ છરી મારી દિધી છે જેથી તુ ફટાફટ અહિં ઘરે આવી જા જેથી હું તાત્કાલીક મારા ઘરે પહોંચ્યો હતો. ત્યાં જોયુ તો કાકાને ડાબા પગના ઢીંચણથી નીચે પીંડી ના ભાગે છરી લાગેલી હોય અને મે મારા કાકાને આ બનાવ બાબતે પૂછતા મને જણાવેલ કે આપણી આગળની શેરી નં-૦ ૯/એ માં રહેતા પ્રજવલ્લ વિપુલભાઈ દેશાણીના મમ્મીને ઝાપટ મારેલ હોય જેનો ખાર રાખી આ પ્રજવલ્લે આવીને મને કહેલ કે તે કેમ મારા મમ્મીને ઝાપટ મારેલ હતી તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈને મને તેમની પાસે રહેલ છરી ડાબા પગ માં ઢીંચણની નીચે પીંડીના ભાગે મારી ગંભીર પ્રકારની ઈજા કરી તેમજ મને શરીરે ઢીંકાપાટુનો મૂંઢ માર મારી અને ગાળાગાળી કરી મને જાનથી મારી નાખવાની ધમકી આપી આ પ્રજવ્વલ ત્યાંથી નાસી ગયો હતો.આ મામલે એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

# વિશ્વ પર્યાવરણ દિવસ પખવાડિયાની ઉજવણી

## પ્લાસ્ટિક પ્રદુષણ મૂક્ત રેલવે સ્ટેશનો બનાવવા મુસાફરોનો સહયોગ જરૂરીઃ રાજકોટ રેલવે બોર્ડ દ્વારા અવેરનેસ કાર્યક્રમો યોજાયા







**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ રેલવે બોર્ડ દ્વારા ૨૨ મે થી પર્યાવરણ પખવાડિયાની ઉજવણી થઈ રહી છે. જે અંતર્ગત પ્લાસ્ટિકનું પ્રદૂષણ ન થાય તે માટે લોકોનો સહયોગ તેમજ પ્લાસ્ટિક પ્રદુષણથી પર્યાવરણને થતું નુકસાન રોકવા અવેરનેસ કાર્યક્રમો યોજાયા હતા. જે અંતર્ગત રાજકોટ રેલવે બોર્ડ દ્વારા તા.૨૨ અને તા.૨૩ મે ના રોજ પ્લાસ્ટિકમુક્તિ અંગેની પ્રભાતફેરી યોજાઈ હતી.

તા.૨૪ ના રોજ પ્લાસ્ટિકમુક્તિ માટે વિવિધ રેલવે સ્ટેશનમાં બેનર્સ અને પોસ્ટર્સ લગાવી



કર્મચારીઓ અને તેમના પરિવારજનો માટે વર્કશોપ યોજાયો હતો. તેમજ મુસાફરો જો પીવાના પાણી માટે પોતાની જ બોટલનો ઉપયોગ કરે તો તેનાથી અટકતા પ્લાસ્ટિક પ્રદુષણ અંગેના બેનર્સ લગાવાયા હતા.

તા.૨૫ થી તા.૨૭ મે દરમિયાન રેલવે સ્ટેશનમાં વિવિધ રંગની કચરાપેટી મુકાવી મુસ-ાફરોને સૂકો કચરો, ભીનો કચરો અને પ્લાસ્ટિક અલગ પેટીમાં મુકવા અપીલ કરી રેલવે સ્ટેશનના ટોયલેટમાં સફાઈ અભિયાન હાથ ધરી ફૂડ સ્ટોલ ધારકોને પણ પ્લાસ્ટિક પ્રદૂષણ અંગે વાકેફ કરાયા હતા.

# જેઈઈ એડવાન્સ્ડ ૨૦૨૫નું પરિણામઃ એલન રાજકોટનો વિદ્યાર્થી કહાન અટારા ઓલ ઈન્ડિયા રેન્ક ૬૬ મેળવીને "સૌરાષ્ટ્ર ટોપર" બન્યો

## નિયમિત પ્રેક્ટિસ ટેસ્ટ અને એલન રાજકોટના શિક્ષકોના માર્ગદર્શને મને હંમેશા આગળ રાખ્યો છેઃ કહાન અટારા


તસવીર : આનંદ જાવીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

IIT લખનઉએ ૦૨ જુન ૨૦૨૫ના રોજ દેશની સૌથી મોટી એન્જિનિયરિંગ પ્રવેશ પરીક્ષા જેઇઇ એડવાન્સ્ડ ૨૦૨૫નું પરિણામ જાહેર કર્યું છે. જેઇઇ એડવાન્સ્ડ ૨૦૨૫ ની પરીક્ષામાં એલન રાજકોટએ સતત ૬ઠા વર્ષે સર્વોચ્ચ તથા અદ્વિતીય ઓલ ઈન્ડિયા રેન્ક અને IITમાં એડમિશન માટે સર્વોચ્ચ પસંદગી આપીને પોતાનું વર્ચસ્વ અને શ્રેષ્ઠતા જાળવી રાખી છે.

એલન રાજકોટ સેન્ટર હેડ અમૃતાશ મુખર્જીએ જણાવ્યું હતું કે એલન રાજકોટનો વિદ્યાર્થી કહાન અટારાએ ઓલ ઈન્ડિયા રેન્ક ૬૬ મેળવીને સૌરાષ્ટ્ર ટોપર બન્યો છે જ્યારે યશ મેશિયાએ ઓલ ઈન્ડિયા રેન્ક ૮૫ સાથે બીજુ સ્થાન અને અમોઘ ગજેરાએ ઓલ ઈન્ડિયા રેન્ક ૧૨૦ સાથે ત્રીજુ સ્થાન મેળવ્યું છે. એલન રાજકોટના વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્રમાં ટોપ ૩ રેન્ક મેળવીને એક નવો રેકોર્ડ બનાવ્યો છે.

વધુમાં તેમણે એમ પણ જણાવ્યું હતું કે એલન રાજકોટના ટોપ ૧૦૦ ઓલ ઈન્ડિયા રેન્કમાં ૦૨ વિદ્યાર્થીઓ, ટોપ ૫૦૦ ઓલ ઈન્ડિયા રેન્કમાં ૦૪, ટોપ ૧૦૦૦ ઓલ ઈન્ડિયા રેન્કમાં ૦૭, ટોપ ૨૦૦૦ ઓલ ઈન્ડિયા રેન્કમાં ૧૨ અને ટોપ ૧૦૦૦૦ ઓલ ઈન્ડિયા રેન્કમાં ૨૬ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવ્યું તથા IITમાં એડમિશન માટે ૫૦ થી વધારે વિદ્યાર્થીઓ પસંદ થયા છે.

એલન રાજકોટના વિદ્યાર્થીઓ દ્વારા મેળવેલા આ પરિણામો સૌરાષ્ટ્રમાં સર્વશ્રેષ્ઠ છે અને તેથી સમગ્ર સૌરાષ્ટ્ર માટે આ અત્યંત ગર્વની વાત છે.

કહાન અટારાએ જણાવ્યું કે તે છેલ્લા ૫ વર્ષથી એલન રાજકોટમાં અભ્યાસ કરી રહ્યો છે. તેણે JEE મેઈન ૨૦૨૫ ની પરીક્ષામાં ૯૯.૯૯ પર્સન્ટાઈલ અને ઓલ ઈન્ડિયા રેન્ક ૧૫૩ મેળવવામાં પણ સફળતા મેળવી અને તેનાથી તેનું મનોબળ ઘણું વધ્યું છે.

તેણે એમ પણ કહ્યું કે જેઈઈ મેઈન પરીક્ષા પછી, મેં તરત જ જેઈઈ એડવાન્સ્ડ માટે વધુ સારી રીતે તૈયારી કરવાનું શરૂ કર્યું અને એલન દ્વારા લેવામાં આવતી તમામ પ્રેક્ટિસ ટેસ્ટ આપી અને તમામ પ્રેક્ટિસ પેપરનું વિશ્લેષણ કરીને ભૂલો સુધારતો હતો.

તે અને તેનો આખો પરિવાર JEE એડવાન્સ્ડ ૨૦૨૫ની પરીક્ષા-માં તેના શાનદાર પરિણામથી ખૂબ જ ખુશ છે. તે, ભગવાન, તેના માતાપિતા અને શિક્ષકોનો ખૂબ આભારી છે જેમણે છેલ્લા ૫ વર્ષની તેની સફરમાં તેને માર્ગદર્શન આપ્યું છે.

તેણે કહ્યું કે કોચિંગ ક્લાસ પછી, તે દરરોજ એલનની અભ્યાસ સામગ્રીનો અભ્યાસ કરતો હતો અને દરરોજ ૫ કલાક સ્વ-અભ્યાસ કરતો હતો. તે ફેકલ્ટીઓ દ્વારા આપવામાં આવેલા માર્ગદર્શનનું યોગ્ય રીતે પાલન કરતો હતો અને બધા વિષયોને સમાન મહત્વ આપતો હતો. કહાને કહ્યું કે એલન ઓનલાઈન એપનો ઉપયોગ કરીને તમામ ટેસ્ટ પપેર્સનું ડિજિટલ વિશ્લેષણ પણ કરતો હતો, જેનાથી તેને તેના અભ્યાસનું આયોજન કરવામાં ઘણી મદદ મળી. કહાન અટારાએ જણાવ્યું કે તે ટોપની IIT કોલેજમાં પ્રવેશ લેવા માંગે છે અને કમ્પ્યુટર સાયન્સમાં B.Tech કરવા માંગે છે.

# મુખ્યમંત્રીના હસ્તે જસદણવાસીઓને મળશે વિશાળ રમત સંકુલની ભેટ

## આશરે ૭ એકર વિસ્તારમાં ૮ કરોડથી વધુના ખર્ચે તૈયાર થયું છે, ૧૫થી વધુ ઈન્ડોર- આઉટડોર રમતો માટેનું સંકુલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતના ખેલાડીઓને તાલીમ અને સતત અભ્યાસ હેતુ તેમના નજીકના સ્થળે જ તમામ સુવિધાઓ સાથેના રમત સંકુલની વ્યવસ્થા કરવામાં આવે તેવા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વિઝન સાથે રાજ્ય સરકાર દ્વારા રમત ગમતને વિશેષ પ્રોત્સાહન આપવા તાલુકા સ્તરે પણ વિશાળ રમત સંકુલના નિર્માણ કરવામાં આવી રહ્યા છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે જસદણવાસીઓને તાલુકા કક્ષાના વિશાળ રમત સંકુલની ભેટ મળશે. જસદણ ખાતે આશરે ૭ એકર જમીનમાં અંદાજે રૂ.૮.૪૦ કરોડના ખર્ચે તાલુકા કક્ષાના રમત સંકુલનું નિર્માણ કરવામાં આવ્યું છે. સંકુલ ખાતે ઈન્ડોર રમતો જેવી કે ટેબલ ટેનીસ, બાસ્કેટ બોલ, કબડ્ડી, ખો ખો, જિમ, યોગા, જુડો, ચેસ, વેટ લીફ્ટ તથા આઉટડોર ગેમ્સમાં એથ્લેટિક્સ, ફૂટબોલ, હેન્ડ બોલ અને વોલીબોલની રમતો માટે સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

તમામ રમતો માટે આવશ્યક ગુણવત્તાસભર સાધનો સાથે ૧- ખો-ખો કોર્ટ, ૧- વોલીબોલ કોર્ટ, એથ્લેટિક્સ માટે ૨૦૦ મીટર રેડ મડી ટ્રેક, ફૂટબોલ ગ્રાઉન્ડ, મલ્લખમ માટે વિશાળ જગ્યા, જૂડો, કરાટે, યોગા, મેડીટેશન માટે મલ્ટીપર્પઝ હોલ, ખેલાડીઓ માટે ચેન્જિંગ રૂમ, શૌચાલય અને વિશાળ પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે.

તાલુકા સ્તરના આ સુવિધા રમત સંકુલ થકી જસદણ વિસ્તારના ખેલાડીઓને ઘર આંગણે જ ઉત્કૃષ્ટ તાલીમ મળી રહે છે જેના થકી ૨૦૩૭માં ઓલિમ્પિકની યજમાની કરનારા ગુજરાતમાંથી જ વિવિધ રમતોમાં ઉત્કૃષ્ટ પ્રદાન આપનાર ખેલાડીઓ ગુજરાતને મળશે.

# મોટી પાનેલીના અબ્દુલ ઈબ્રાહિમ સોરાને પ્રોહી.ધારા ભંગ બદલ ત્રણ માસ સુધી રાજકોટ, પોરબંદર તથા જામનગર જિલ્લામાંથી હદપાર કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત પોલીસ અધિનિયમ હેઠળ ધોરાજી સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી નાગાજણ એમ.તરખાલા દ્વારા મોટી પાનેલીના અબ્દુલ ઉર્ફે અબુડિયો ઈબ્રાહિમ સોરાને રાજકોટ, પોરબંદર તથા જામનગર જિલ્લામાંથી હદપાર કરવામાં આવ્યા છે. જિલ્લામાં જાહેર વ્યવસ્થાની જાળવણી હેતુ અસામાજિક પ્રવૃત્તિ આચરતા મોટી પાનેલી ગામના ૩૦ વર્ષીય અબ્દુલ ઈબ્રાહિમ સોરા માથાભારે અને ઝનૂની તોફાની તકરારી સ્વભાવના વ્યક્તિ છે જેને દારૂ પીવા તથા વેચવાની ટેવ હોવાથી વારંવાર પ્રોહીબીશનના કાયદાનો ભંગ કરતા હતા. સાથે જ વારંવાર મારામારી કરતાં હતા.તેમના પર વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૪ સુધીમાં પ્રોહી.ધારાનો ભંગ અને મારામારી કરવા અંગેના કુલ ૦૬ ગુન્હા નોંધાયેલ છે જેમાં ૩ ગુના અન્વયે તેને કોર્ટ દ્વારા સજાઓ કરવામાં આવી છે. આમ, જાહેર સુલેહ-શાંતિ વિરુદ્ધનાં કૃત્યો કરતા અટકાવવા ધોરાજી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ તા.૩૧/૦૫/૨૦૨૫ના રોજ ૩ માસ માટે રાજકોટ, પોરબંદર તથા જામનગર જિલ્લાની હદમાંથી હદપાર કરવા હુકમ કર્યો છે.

# અજાણી લાશના વાલી-વારસને પોલીસ સ્ટેશને સંપર્ક કરવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના ચુનારાવાડ શેરી નં.-૪/૫ના ખૂણે સુલભ શૌચાલય પાસેના વિસ્તારમાં ૬૫ વર્ષીય અજાણ્યા પુરુષની તબિયત લથડતા હોસ્પિટલમાં સારવાર માટે લઇ જવાયા હતા, જ્યાં તા.૧૭/૦૩/૨૦૨૫ના રોજ સાંજે ૫.૩૮ વાગ્યે તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. મૃતક દેખાવે શ્યામવર્ણા, શરીરે લાલ/મરુન રંગની આખી બાંયનો શર્ટ તથા લાલ રંગનું ગંજી તથા આછા લીલા રંગનું પેન્ટ પહેરેલ છે. મૃતકના વાલી-વારસને રાજકોટ શહેરના થોરાળા પોલીસ સ્ટેશન સંપર્ક કરવા પોલીસ સબ ઈન્સ્પેકટરની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ રેલવે ડિવીઝન દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે કરાશે વિવિધ પ્રવૃતિઓ

## ચિત્રકામ, ક્વિઝ સ્પર્ધા, શેરી નાટક, સ્વચ્છતા અભિયાન, કચરો વ્યવસ્થાપન સહિતની ઝુંબેશ હાથ ધરાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જૂનના રોજ ''વિશ્વ પર્યાવરણ દિવસ''ની ઉજવણીના ભાગરૂપે રાજ્યભરમાં વિવિધ જાગૃતિ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. જે અન્વયે પશ્ચિમ રેલ્વે, રાજકોટ ડિવિઝન દ્વારા તા.૦૩ અને ૦૪ જૂનના રોજ જુદી જુદી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. જેમાં મુસાફરોના યોગદાનથી ''પાણી બચાવ ઝુંબેશ'' અને સ્ટેશનોની આસપાસના ઉદ્યાનો તથા સ્થાનિક લોકોની મદદથી રેલ્વે વસાહતોના બગીચાઓની યોગ્ય જાળવણી કરવા માટે ખાસ ઝુંબેશ ચલાવવામાં આવશે. ઉપરાંત, જન જાગૃતિ માટે રેલવે વસાહતોમાં શેરી નાટકનું આયોજન કરવામાં આવશે.

લોકભાગીદારીથી રેલ્વે વસાહતોમાં, રેલ્વે સ્ટેશનો, પાટા અને નજીકના વિસ્તારોમાં સફાઈ અભિયાન ચલાવવામાં આવશે. કચરાના વ્યવસ્થાપન અંગે નિરીક્ષણ, પદ્ધતિસર કાર્ય અને બાયો-ટોઈલેટ નિરીક્ષણ સહિતની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે.

વન સ્ટેશન વન પ્રોડક્ટ યોજના હેઠળ વાંસના ટૂથબ્રશ અને લીમડાના કાંસકા જેવા પર્યાવરણને અનુકૂળ ઉત્પાદનોને વેચાણ માટે પ્રોત્સાહન આપવામાં આવશે. ટકાઉ પર્યાવરણ પર ચિત્રકામ, નિબંધ, ક્વિઝ સ્પર્ધાઓ તેમજ સ્ટેશનો પર કાપડ અથવા શણની થેલીઓના ઉપયોગ માટે લોકોને પ્રેરિત કરવા તથા ડિજિટલ અને પેપરલેસ ટિકિટિંગને પ્રોત્સાહન આપવામાં આવશે.

### પર્યાવરણ અને તંદુરસ્તીની જાળવણીને બેલેન્સ કરતું સાયકલિંગ

# 'સાયકલિંગ ફોર એ સસ્ટેનેબલ ફ્યુચર' ની થીમ સાથે આજે વિશ્વ સાયકલ દિવસની ઉજવણી

## નિયમિત સાયકલિંગ હૃદયરોગ, ડાયાબિટીસ, મોટાપો અને અન્ય જીવનશૈલી સંબંધિત રોગો સામે રક્ષણ આપે છેઃ ડો. પારસ શાહ



**મુખ્ય સમાચાર, રાજકોટ**
**આલેખન : રાજકુમાર**

ચાલવું, દોડવું કે સાયકલિંગ એ એક પ્રકારની કસરત જ છે. એક જમાનામાં લોકો ચાલીને એક સ્થળેથી બીજા સ્થળે જતા, સમય જતા શોધ સંશોધન થતા સાયકલ આવી. જેણે પરિવહનમાં ઝડપ લાવી. સામાન્ય લોકો પણ તે વસાવી શકે. પરંતુ કહેવત છે ને 'આમ કે આમ ગુટલીઓકે દામ' તેમ સાયકલિંગ ટ્રાન્સપોર્ટેશન ઉપરાંત બેસ્ટ એક્સરસાઇઝ પણ છે. શરીરમાં મેદસ્વિતા અને રોગને દૂર ભગાડતું સાયકલિંગ સમયાંતરે શહેરી જીવનમાંથી લુપ્ત થતું ગયું. પરંતુ સમયના ચક્રની સાથે તંદુરસ્તીની જડીબુટ્ટી સમાન સાયકલિંગનો યુગ ફરીથી આવ્યો છે.

'સાયકલિંગ ફોર અ સસ્ટેનેબલ ફ્યુચર' એટલે કે ટકાઉ ભવિષ્ય માટે સાયક્લિંગના ઘણા મહત્વપૂર્ણ ફાયદા છે. સાયક્લિંગ દરમિયાન કોઈપણ પ્રકારનો ધુમાડો કે પ્રદૂષક તત્વો ઉત્પન્ન થતાં નથી, જે પર્યાવરણ માટે લાભદાયક છે. વળી સાયકલ ખરીદવી અને જાળવવી અન્ય વાહનોની તુલનાએ ખૂબ જ સસ્તું છે. સૌથી મહત્વનું છે કે એ આરોગ્ય માટે લાભદાયક છે. નિયમિત સાયક્લિંગ હૃદયરોગ, ડાયાબિટીસ, મોટાપો અને અન્ય જીવનશૈલી સંબંધિત રોગો સામે રક્ષણ આપે છે. શહેરોમાં ટ્રાફિક ભીડ અને પાર્કિંગની સમસ્યા ઓછી થાય છે. સાયકલ તમામ માટે સરળતાથી ઉપલબ્ધ હોય લોકોમાં સામાજિક સમાનતા અને સુલભ-તાનો ભાવ ઉભો થાય છે. સામૂહિક સાયક્લિંગ કાર્યક્રમો સામાજિક જોડાણ અને સક્રિય નાગરિકતાને પ્રોત્સાહન આપે છે.

રાજકોટમાં છેલ્લા દસ વર્ષથી કાર્યરત સાયકલ ક્લબના પ્રમુખ શ્રી દિવ્યેશ અઘેરા જણાવે છે કે, પર્યાવરણ અને આરોગ્યની જાળવણી અર્થે વર્ષોથી હું ઓફિસના કામ માટે સાયકલ ચલાવતો, એ સમયે લોકોને અજુગતું લાગતું. પરંતુ રાજકોટના લોકોમાં હેલ્થ અને પર્યાવરણ જાગૃતિ અર્થે લોકોને જોડવા માટે રાજકોટ સાયકલ ક્લબની રચના કરી. જેમાં હાલ ૧૫૦થી વધુ મેમ્બર્સ છે. વધુ લોકોને જોડવા માટે સાયકલિંગ સાથે એક ફન લવિંગ ગેટ ટુ ગેધર થાય તે ઉદેશ સાથે પ્રતિ વર્ષ સાયક્લોફન શરુ કર્યું. ગત વર્ષે તેમાં ચાર હજારથી વધુ લોકોએ ભાગ લીધો હતો. રાજકોટમાં અનેક ગ્રુપ સક્રિય છે. જેઓ વીક એન્ડમાં રાજકોટથી દૂર પડધરી, કાલાવડ, કાળીપાટ સહિતના સ્થળોએ વહેલી સવારે કે મોડી રાત્રે સાયકલિંગ કરતા જોવા મળે છે. દિવ્યેશભાઈ જણાવે છે કે, સાયકલિંગથી તેમના ગોઠણની તકલીફ દૂર થયેલી છે. કેટલાક સભ્યોને સાયટીકા, મેદસ્વિતાની સમસ્યા હતી જે દૂર થતી જોવા મળે છે.

સાયકલ ચલાવવાના આરોગ્યલક્ષી ફાયદા અંગે જાણીતા ફીઝીશીયન ડો. પારસ શાહ જણાવે છે કે, ફાસ્ટ વોકિંગ, સ્વિમિંગ કે સાયકલિંગ એ કાર્ડિયાક એક્સરસાઇઝ છે, જે શરીરમાં લોહીનું પરિભ્રમણ વધારે છે , હૃદયની નળીઓમાં સતત લોહીનું ગતિશીલ પરિભ્રમણ થતા હાર્ટ તંદુરસ્ત રહે છે. સાથોસાથ સ્ટેમિના પણ વધે છે. કેલેરીઝ બર્ન થતા મેદસ્વિતા દૂર રહે છે. એક કલાક સાયકલિંગની મેટાબોલિક અસર ૧૦થી ૧૫ કલાક જેટલી રહે છે. જે ચરબીને ઓગાળવાનું કામ કરે છે. કાર્ડિયાક એક્સરસાઇઝને જીવનનો એક ભાગ બનાવી સાતત્ય જાળવવું જોઈએ તેવી ખાસ સલાહ આપતા ડો. શાહ કહે છે કે, આપણા સ્વાસ્થ્યની ચાવી આપણા હાથમાં છે જેને ખુબ જતનપૂર્વક વાપરવી જોઈએ.

### ભારતમાં ૧૮૯૦ મા સાયકલ આવી, વિશ્વ સાયકલ દિવસ ટકાઉ ભવિષ્ય માટે એક સાદો પ્રયાસ છે

**સંકલનઃ અરૂણ નિર્મલ**



દર વર્ષે ૩ જૂનના રોજ વિશ્વભરમાં વિશ્વ સાયકલ દિવસ (World Bicycle Day) ઊજવવામાં આવે છે. આ દિવસ આપણે માત્ર સાયકલને યાદ કરવા માટે નહીં પણ તેના પર્યાવરણમિત્ર અને સ્વાસ્થ્યવર્ધક ઉપયોગ માટે જાગૃતિ ફેલાવવા માટે ઉજવીએ છીએ. આજે જ્યારે વિશ્વ ભરીને વાહનોમાંથી ઉત્પન્ન થતું પ્રદૂષણ, જીવનશૈલીના રોગો અને ટ્રાફિકની સમસ્યાઓ વધી રહી છે, ત્યારે સાયકલ આપણને વિકાસ અને સુખદ જીવન માટે સરળ વિકલ્પ આપે છે.

સાયકલના ઈતિહાસ પર નજર કરીએ તો આશરે ૨૦૦ વર્ષ પહેલાં, ૧૮૧૭માં જર્મન શોધક કાર્લ ડ્રાયસ (Karl Drais) એ પહેલો રનિંગ મશીન કે ડ્રેસિએન બનાવ્યો. તેમાં પેડલ ન હતા, પણ તે પગે ધકેલીને ચલાવાતી હતી. ૧૮૬૦ના દાયકામાં ફ્રાન્સમાં પેડલવાળી સાયકલ વિકસિત થઈ, અને ત્યારબાદ સાયકલનો વિકાસ થયો. ૧૯મી સદીના અંત સુધીમાં સાયકલ સામાન્ય જનતામાં લોકપ્રિય બની ગઈ.

સાયકલ માત્ર યાત્રાના સાધન તરીકે નહીં પણ રમતગમત, આરોગ્ય અને જીવનશૈલીનો ભાગ બની ગઈ છે. વિશ્વભરમાં ઘણા દેશોએ સાયકલવાપસી માટે નીતિઓ ઘડી છે. ખાસ કરીને યુરોપિયન દેશો જેમ કે નેધરલેન્ડ, ડેનમાર્ક, જર્મની અને ફ્રાન્સએ સાયકલવાપસી માટે વિશાળ અને સલામત માર્ગો તૈયાર કર્યા છે. નેધરલેન્ડમાં તો આશરે ૨૭% લોકો રોજબરોજની મુસાફરી માટે સાયકલનો ઉપયોગ કરે છે.


# રાજકોટ જિલ્લાના પોલીસ વડા હિમકરસિંહ કોરોના પોઝીટીવ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત દેશભરમાં કોરોનાના કેસોનો ચિંતાજનક પ્રમાણમાં વધારો થઇ રહ્યો છે ત્યારે રાજકોટ જિલ્લાના પોલીસ વડા હિમકરસિંહને કોરોના પોઝીટીવ આવતા તેઓ હોમકોરેન્ટાઇન હોવાનું જાણવા મળેલ છે.

# પીજીવીસીએલના વીજ ધાંધીયાથી શહેરીજનો ત્રાહિમામ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં ગરમીનો પારો ૪૨ ડિગ્રીની આસપાસ રહ્યો છે ત્યારે ગરમીથી લોકો પરેશાન થઇ રહ્યા છે. આવા સમયે રાજકોટ પીજીવીસીએલ દ્વારા શહેરના મોટાભાગના વિસ્તારોમાં દિવસ તેમજ રાત્રી દરમ્યાન કોઇને કોઇ કારણસર વીજ કાપ નખાતા અસહ્યગરમીમાં લોકો હેરાનપરેશાન થઇ રહ્યા છે.

ટેકનીકલ કારણોસર વીજ કાપ રાખવાની ફરજ પડી રહી છે. તેવું જણાવી અધિકારીઓ હાથ ખંખેરી રહ્યા છે. તાજેતરમાં જ પીજીવીસીએલની લાલીયાવાડીને કારણે વોર્ડ નં.૨માં રાત્રી દરમ્યાન વીજળી બંધ કરાતા વોર્ડ નં.૨ના નગરસેવક અને મનપાના સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકરે રાત્રીના ૧ વાગ્યે જામટાવરની પીજીવીસીએલ કચેરીએ લોકો સાથે હલ્લાબોલ કરી અધિકારીને ખખડાવી નાખી ભવિષ્યમાં વીજકાપ નહીં થાય તેવી બાહેધરી લખાવી હતી. તેમ છતાં હજુ પણ રાજકોટના અનેક વિસ્તારોમાં ભરઉનાળે વીજકાપ નખાતા શહેરીજનોએ ઉકળાટ ઠાલવ્યો હતો. હજુ ચોમાસુ બેઠુ પણ નથી ત્યાં વીજકાપ નાખવામાં આવી રહ્યો છે તો વરસાદની સીઝનમાં શું થશે?.

# સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકન તંત્ર પર આક્ષેપ કરનાર બાર કાઉન્સિલના પૂર્વ વેલ્ફેર ચેરમેનને નોટિસ

## વહીવટીતંત્રને બદનામ કરવા મામલે બે દિવસમાં જવાબ આપવા તાકીદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકન કચેરી દ્વારા રાગદ્વેષ ભર્યો હુકમ કરી ખૂટતી સ્ટેમ્પ ડયુટી અંગે નોટિસ ફટકારી સુનાવણીની મુદત પહેલા જ દંડ કર્યો હોવાની વડાપ્રધાન અને મુખ્યમંત્રીને લેખિત ફરિયાદ કરનાર બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના વેલ્ફેર ચેરમને દિલીપભાઈ પટેલને રાજકોટ શહેર સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકન કચેરીના ડેપ્યુટી કલેકટરે નોટિસ ફટકારી વહીવટીતંત્રને ખોટી રીતે બદનામ કરવા મામલે બે દિવસમાં જવાબ રજૂ કરવા તાકીદ કરી છે.

બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના વેલ્ફેર કમિટીના પૂર્વ ચેરમન દિલીપભાઈ પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તેમજ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ ગાંધીનગરને લેખિત ફરિયાદ કરતા જણાવ્યું હતું કે, તેમના પુત્ર સૌમિલ પટેલે પ્રમુખ સ્વામી આર્કેડ નામે ઓળખાતા બિલ્ડિંગમાં ત્રીજા માળ ઉપર મિલ્કત ખરીદી પૂરતી સ્ટેમ્પ ડ્યુટી વાપરી હોવા છતાં રાજકોટ શહેર સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકન કચેરીના ડેપ્યુટી કલેકટરે તા. ૩૧-૫ની મુદત આપી હોવા છતાં તા.૨૩-૫ના રોજ દંડ ફટકારતો હુકમ કરી રાગદ્વેષ રાખ્યો હોવાની ફરિયાદ કરી કાયદેસરની કાર્યવાહી કરવા માંગણી કરી હતી.સામાપક્ષે રાજકોટ શહેર સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકન કચેરીના ડેપ્યુટી કલેકટર દ્વારા એજી ઓડિટના પારા મુજબ નિયમ અનુસાર જ કાર્યવાહી

કરવામાં આવી હોવાનું તેમજ આ કેસમાં એકથી વધુ દસ્તાવેજમાં અલગ અલગ નોટિસો આપી હોય દિલીપભાઈ પટેલે કરેલા આક્ષેપો પાયા વગરના ગણાવ્યા હતા.

વધુમાં વડાપ્રધાન, મુખ્યમંત્રી તેમજ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ ગાંધીનગરને કરવામાં આવેલી ફરિયાદ ખોટી હોવાનું જણાવી રાજકોટ શહેર સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકન કચેરીના ડેપ્યુટી કલેકટર ડી.વી.વાળાએ એડવોકેટ દિલીપભાઈ પટેલને વળતી નોટિસ ફટકારી તેઓ સિનિયર એડવોકેટ અને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના હોદા ઉપર રહી ચુક્યા હોય કાયદાના જાણકાર હોવા છતાં વહીવટીતંત્રને બદનામ કરવાના ઈરાદે બન્ને દસ્તાવેજ અલગ અલગ હોવા છતાં વહીવટીતંત્રને શારીરિક માનસિક ત્રાસઆપવાના ઈરાદે સમાચાર પ્રસિદ્ધ કરાવી ભારત સરકારની એકાઉન્ટ જનરલ કચેરી સામે પણ આંગળી ઉઠાવી હોવાનું જણાવી સમગ્ર મામલે બે દિવસમાં જવાબ રજૂ કરવા તાકીદ કરી અન્યથા નિયમોનુસાર કાર્યવાહી કરવા જણાવવામાં આવ્યું છે.

# રાજકોટ મહાનગરપાલિકાના ૮ અધિકારી-કર્મચારીઓને નિવૃત્તિ વિદાયમાન આપતા મ્યુનિ. કમિશનર તુષાર સુમેરા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બરાજકોટ મહાનગરપાલિકામાં મે-૨૦૨૫માં નિવૃત થયેલ ૦૮ અધિકારી-કર્મચારીઓને મ્યુનિ. કમિશનર તુષાર સુમેરા દ્વારા મોમેન્ટો અને શુભેચ્છા પત્ર આપી વિદાયમાન આપવામાં આવ્યું હતું. વહીવટી તંત્રના હાથ-પગ સમા અધિકારીઓ અને કર્મચારીઓને નિવૃત્તિના દિવસે જ પી.એફ. તેમજ જમા થયેલી હક્ક રજાનું રોકડમાં રૂપાંતર જેવા લાભો મળી જાય તેવું કમિશનર દ્વારા સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે.

આ પ્રસંગે મ્યુનિ. કમિશનર તુષાર સુમેરાએ ફરજ પરથી નિવૃત થયેલ અધિકારીઓ અને કર્મચારીઓએ રાજકોટની વિકાસ પ્રક્રિયામાં પોતાનું જે યોગદાન આપેલ છે તે બદલ તેઓનો આભાર વ્યક્ત કરવાની સાથે સુખશાંતિમય સાથેના નિવૃત્તિ જીવન અને તંદુરસ્ત દીર્ઘાયુની શુભકામના પાઠવતા જણાવ્યું હતું કે, નિવૃત માત્ર ફરજ પરથી થજો, મનથી નિવૃત થવું નહી. મનથી તંદુરસ્ત રહેવા માટે નિવૃત થયા છો તેવું અનુભવવું જ નહી, કારણ કે તંદુરસ્ત જીવન માટે ફીટ રહેવું જરૂરી છે. રાજકોટ મહાનગરપાલિકામાં ફરજ પર હતા ત્યારે જેટલા આપ સૌ જેટલા ઇમ્પોર્ટન્ટ હતા તેટલા જ નિવૃત્તિ બાદ પણ રાજકોટ મહાનગરપાલિકા માટે ઇમ્પોર્ટન્ટ રહેશો. જીવનનો મહત્તમ સમય સંસ્થા માટે પસાર કર્યો હોય ત્યારે સ્વાભાવિકરીતે જ પોતાના અંગત, પારિવારિક અને સામાજિક કાર્યો માટે પણ સમય આપી શકાયો ના હોય તેવું અનેક વખત બન્યું હશે. જોકે હવે નિવૃત્તિકાળમાં આપ સૌ આપના અધૂરા શોખ અને જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવો તેવી શુભેચ્છા.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, નિવૃત્તિ પછી પણ કોઈને કોઈ પ્રવૃત્તિમાં રહેવું જોઈએ, જેનાથી પોતાનું શરીર તંદુરસ્ત અને સ્વાસ્થ્ય સારું રહે. અત્યાર સુધીની જિંદગી સંસ્થા માટે જીવ્યા હવે પછીની જિંદગી પરિવાર અને પોતાના માટે જીવો તેવી શુભેચ્છા પણ પાઠવું છું. મે-૨૦૨૫માં (૧) બાંધકામ શાખાના એડી. આસી. એન્જી. સિવિલ રવાની રણજીત નારણભાઈ, (૨) ફાયર બ્રિગેડ શાખાના ક્લીનર ઝંઝવાડીયા ભગવાનજીભાઈ છગનભાઈ, (૩) ફાયર બ્રિગેડ શાખાના ડ્રાઈવર શ્રી રાવલ લલીતકુમાર મગનલાલ, (૪) JNNURM ના આસી. ટાઉન પ્લાનર સોંડાગર હરેશકુમાર મકનજીભાઈ, (૫) સુરક્ષા શાખાના સિક્યુરિટી ગાર્ડ વસોયા ઉકાભાઈ છગનભાઈ, (૬) ટેક્સ શાખાના વોચમેન જોષી ધીરેનભાઈ જાગનાથભાઈ, (૭) સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના સફાઈ કામદાર ચૌહાણ રાણાભાઈ હમીરભાઈ અને (૮) સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના સફાઈ કામદાર ઘાવરી ભાનુબેન ટપુભાઈ નિવૃત થયેલ છે.




નિવૃત્તિ વિદાય સન્માન સમારોહમાં મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, નાયબ મ્યુનિ. કમિશનર હર્ષદ પટેલ, સિટી એન્જી. પરેશ અઢીયા, સુરક્ષા અધિકારી આર.બી.ઝાલા, સહાયક કમિશનર બી.એલ.કાથરોટીયા, મેનેજર નીરજ વ્યાસ તથા સંબંધિત શાખાધિકારીઓના વરદ હસ્તે કર્મચારીઓને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં તેમજ કર્મચારીઓના પી.એફ. અને હક્ક રજાના રોકડમાં રૂપાંતર અંગેના ચુકવણીના હુકમો તથા પી.પી.ઓ. બુકની નકલ પણ આપવામાં આવેલ હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ઉલ્ટી-ઉબકાનું નાટક કરી મુસાફરના ખીસ્સા હળવા કરતી રીક્ષા ગેંગના બે સાગરીત ઝડપાયા






## ગોંડલના ભોજરાજપરામાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયોઃ ૧.૯૧ લાખના મુદ્દામાલ સાથે એકની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના અલગ-અલગ વિસ્તારોમાં મુસાફરોને રિક્ષામાં બેસાડી બાદમાં ઉલ્ટી-ઉબકાનું બહાનું કરી પેસેન્જરના ખીસ્સામાંથી માલમત્તા સેરવી લઇ પેસેન્જરને અધવચ્ચે ઉતારી જઇ નાસી જતી રીક્ષા ગેંગના બે સાગરીકોને ઝડપી લેવામાં માલવિયા નગર પોલિસને સફળતા મળી છે. પોલીસે રીક્ષા સહિત રૂ.૮૫,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ગઇ તા.૩૧-૫ના રોજ બપોરના સમયે ફરીયાદી ગોંડલ ચોકડીથી રૈયા ટેલીફોન એકસચેન્જ સર્કલ પાસે જવા માટે એક લીલા-પીળા કલરની રીક્ષામાં બેસીને જતા હતા. તે વખતે રીક્ષામાં અન્ય એક વ્યકિત પેસેન્જર તરીકે બેઠો હતો અને રીક્ષા ચાલકે થોડે આગળ રીક્ષા ચલાવી હતી ત્યારે બાજુમાં બેઠેલ ઉલ્ટી-ઉબકાનું નાટક કરી પેસેન્જરની નજર ચુકવી તેના પેન્ટના ખીસ્સામાંથી રોકડા રૂ.૧૫૫૦૦ની ચોરી કરી લીધી હતી. બાદમાં થોડે દૂર રીક્ષા ચલાવી દવાખાને જવાનું કહી પેસેન્જરને અધવચ્ચે ઉતારી દીધા હોવાની ફરીયાદ માલવિયા નગર પોલીસમાં નોંધાય હોય જેના પગલે પીઆઇ જે.આર.દેસાઇના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એમ.જે.ધાંધલ, હેડ કોન્સ. મયુરદાન તથા કોન્સ. મનીષભાઇ અને ચિત્રકેતુસિંહ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન બાતમીના આધારે રીક્ષા નંબર જીજે૩૬યુ૫૫૧૫ કે જેના આગળના કાચ ઉપર શ્રી યદુનંદન લખેલ હોય આ રીક્ષામાં બે ઇશ્મોને પોલીસે ગોંડલ રોડ પર પીડીએમ કોલેજ સામેથી દબોચી લઇ પુછપરછ કરતા રીક્ષા ચાલકનું નામ ધનજી ઉર્ફે ધનો ઉર્ફે કાળો ચોર દેવજી દેઢાણીયા (રહે. પોપટ પરા શમસાન પાસે રેલનગર.) તથા તેની સાથેનો સુનીલ મોહન પેરવાણી (રહે. રેલનગર આસ્થા ચોક) નામના બન્ને શખ્સોની ધરપકડ કરી રીક્ષા સહિત કુલ રૂ.૮૫,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કરી ઝડપાયેલ રીક્ષા ગેંગના બન્ને સાગરિકોની આકરી પુછપરછ કરતા કબુલાત આપી હતી કે, ચાર દિવસ પહેલા ગોંડલ ચોકડી થી હોસ્પિટલ ચોક જવા માટે એક વૃધ્ધને રીક્ષામાં બેસાડી નીસાન બનાવ્યા હતા. જયારે ૩ દિવસ પહેલા બસ સ્ટેશન પાસે જવા માટે રીક્ષામાં બેસેલા એક મુસાફરને નીસાન બનાવ્યો હતો. જયારે ગોંડલ ચોકડીથી બેસેલ વધુ એક મુસાફરના ખીસ્સામાંથી ૧૩,૩૦૦ ની ચોરી કર્યાની કબુલાત આપી હતી.

બીજા બનાવમાં ગઇ તા.૧૬-૫ના ગોંડલના ભોજરાજપરામાં વૃંદાવન નગરમાં એકલા રહેતા વૃધ્ધા ભાવનાબેન રમેશભાઇ તુલસી બહારગામ ગયા હોય તેના બંધ મકાનમાંથી રૂ.૩.૪૮ લાખના મુદ્દામાલની ચોરી થઇ હોવાનો બનાવ ગોંડલ સીડી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયો હોય અને સ્થાનિક પોલીસ તપાસ કરી રહી હોય તે દરમ્યાન ગ્રામ્પ એલસીબીના પીઆઇ વી.વી.ઓડેદરાની રાહબરી હેઠળ પીએસઆઇ એસ.સી.ગોહિલ અને તેની ટીમના માણસો સીસીટવી ફુટેઝ ચેક કરી તપાસ શરૂ કરી હોય તે દરમ્યાન એક શંકાસ્પદ એક્ટિવા નંબર જીજે૩એલજે૮૪૭૩ ના ચાલકની શંકાસ્પદ હિલચાલ સીસીટીવી કેમેરામાં કેદ થઇ જતા પોલીસે ગોંડલના આશાપુરા ચોકડી પાસેથી મનન ઉર્ફે મન શશીકાંત કોઠારી (રહે. નાનીબજાર શ્રીમાળી શેરી, ગોંડલ)ની ધરપકડ કરી ચોરાઉ સોના-ચાંદીના દાગીના સહિત કુલ રૂ.૧.૯૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ભોજરાજપરામાં થયેલી ચોરીનો ભેજ ઉકેલી નાખ્યો હતો.

# કોઠારીયા ગામની છેવાડે પ્રમુખરાજ પેમેસ-રમાં બીજા માળે બાલ્કનીમાંથી પટકાયેલા તરૂણનું મોત

## આજીડેમ પોલીસે તપાસ હાથ ધરીઃ પરિવારમાં આક્રંદ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયા ગામના છેવાડે આવેલા ફલેટમાં રહેતા પરિવારનો ૧૬ વર્ષનો તરૂણ બીજા માળે બાલ્કની માંથી નીચે પટકાતાં માથે-શરીરે ઈજા પહોંચતા તાકિદે અર્ધ બેભાન હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડતા ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કરતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી આજીડેમ પોલીસને જાણ કરી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે ની માહિતી મુજબ કોઠારીયા ગામના છેવાડે આવેલા પ્રમુખરાજ પેમેસ-રમાં રહેતા કૈલાશભાઈ નકુમનો ૧૬ વર્ષનો પુત્ર હર્ષલ ઘરમાંથી બાલ્કનીમાં દોડતો હતો ત્યારે કોઈ કારણોસર પગ લપસી જતાં તરૂણ નીચે પટકાયો હતો.ઘટનાની જાણ થતા પરિવાર તથા આસપાસના રહેવાસીઓ દોડી જઈ અર્ધબેભાન હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડતા ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કરતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી આજીડેમ પોલીસને જાણ કરતાં હેડ કોન્સટેબલ ટી.જે.સરવૈયા સહિતનો સ્ટાફ દોડી જઈ તરૂણના પિતાનું નિવેદન નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.પ્રાથમિક તપાસમાં મૃતક હર્ષલ આ વર્ષે ધો.૧૦ માં આવ્યો હતો.અને બે ભાઈમાં મોટો હતો.તરૂણ પુત્રના મોતથી પરિવારમાં અરેરાટી વ્યાપી જવા પામી છે.

# એસ.ટી. વર્કશોપ પાછળ ખોડીયારનગરમાં પાણીની નળી ફેકવા બાબતે મારામારી

## પિતા-પુત્ર ઘવાતા બે મહિલા સહિત ૮ સામે રાયોટીંગનો ગુનો નોંધાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ રોડ એસટી વર્કશોપ પાસે ખોડિયારનગરમાં પાણીના પ્લાન્ટમાંથી ફરિયાદી પ્રૌઢના દીકરા ઉપર પાણીની નળી ફેંકવા બદલ ભગવતીપરાના બે મહિલા સહિત આઠ શખ્સોએ ગેરકાયદે મંડળી રચી પિતા-પુત્ર પર આડેધડ પથ્થરના ઘા કરી ધોકા વડે બેફામ મારમારતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.આ અંગે માલવીયા પોલીસ મથકના સ્ટાફે રાયોટ, મારામારી અને ધમકી અંગેની ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે ની વિગતો મુજબ, ગોંડલ રોડ એસટી વર્કશોપ પાસે આવેલા જય ખોડીયાર સોસાયટી શેરી નંબર ૩ માં રહેતા હર્ષદભાઈ રમણીકલાલ જયસ્વાલ(ઉ.વ.૫૫)એ પોતાની ફરિયાદમાં રીયાજભાઈ જમાલભાઈ અભી સોરા, જમાલભાઈ કાસમભાઈ અભી સોરા, સાહિલ જમાલભાઇ અભીસોરા, ઈદરીશ ઈકબાલભાઈ, હશીનાબેન ઈકબાલભાઈ, ઈકબાલભાઈ કાસમભાઈ અને બીજી બે અજાણી સ્ત્રીઓ(રહે.બધા ભગવતીપરા, ખોડિયારનગર) વિરુદ્ધ રાયોટ, મારા મારી અને ધમકી અંગેની ફરિયાદ નોંધાઈ છે. હર્ષદભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,બપોરના દીકરો પ્રતીક અમારી રિક્ષામાં પાણી ભરવા ખોડીયારનગર શેરી નંબર ૧૫માં ગયેલ બાદ ત્યાંથી પરત પાણી ભરવા માટે આવતો હોય અમારા વિસ્તારમાં રહેતા જમાલભાઈ કાસમભાઈ, અભીસોરાનો દીકરો રિયાજ નીરવભાઈ પટેલનું શ્યામ આરોપ્લાન્ટ નું કામ કરતો હોય તે પાણીની નળીથી મારા દીકરા ઉપર પાણી ઉડાડેલ તેની વાત મને મોબાઈલ ફોન ઉપર કરેલ જેથી હું તથા મારા પત્ની અમારા ઘરની બહાર નીકળી આ જમાલભાઈ ને સમજાવવા માટે જતો હોય ત્યારે આ જમાલભાઈ તથા તેનો મોટો દીકરો રિયાઝ તથા નાનો દીકરો સાહિલ તેમજ જમાલભાઈના નાનાભાઈ ઈકબાલભાઈનો દીકરો ઈન્દ્રીશ, ઈદ્રીશના મમ્મી હસીનાબેન, જમાલભાઈના સગા ભાઈ ઈકબાલભાઈ તથા બીજા ઘણા લોકો હાજર હોય જેમાં ઇંદ્રીશ પાસે મોટો તવીથો તથા બીજા બધા પાસે લાકડીઓ હોય મને મારવા દોડેલ અને તેઓએ લાકડી અને પથ્થર વડે હુમલો કર્યો હતો.

આ દરમિયાન મારો દીકરો પ્રતિક આવી ગયેલ જેને આ બધાએ ઘેરી લીધેલ અને પ્રતીકને આડેધડ પથ્થરના ઘા મારી તથા તવિથા અને લાકડીના ધોકાથી માર મારેલ જેમાં તવીથાથી તેના માથામાં ઇજા થયેલ અને લોહી નીકળવા લાગેલ તે દેકારો કરવા લાગેલ અમો પતિ પત્ની બહાર નીકળેલ અને મારા દીકરા પ્રતીકની પત્ની પાયલબેન ડરના માર્યા ઘરની બહાર નીકળેલ નહીં અને આડોશ પાડોશમાં રહેતા મુન્નાભાઈ ગેરેજ વાળા તથા બીજા માણસોએ છોડાવ્યા હતા અને આરોપીઓ કહેતા હતા કે તો તમે બધા બચી ગયા છો હવે પછી અમારા કામમાં કોઈએ દખલ દીધી તો જીવતા નહીં રહેવા દઈએ તેમ ધમકી આપી જતા રહેલા હતા. આ મામલે માલવીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

# રાષ્ટ્રીય શાળા પાસે મીડિયા હાઉસમાં તસ્કરો ૭૭ લાખની મત્તા ચોરી ગયા

## બુકાનીધારી ચોરનું ૬૩ મિનીટ રોકાણ : સીસીટીવી આધારે તપાસ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ માં રાષ્ટ્રીય શાળા પાસે આવેલ મીડિયા હાઉસમાં બારી તોડી ઘૂસેલા બુકાનીધારી તસ્કરે ઓફીસમાં બાકોરું પાડી ઘૂસી તિજોરી તોડી રોકડ-દાગીના સહીત ૭૬.૯૦ લાખની મતાની ચોરી કરી નાસી જતા ચકચાર મચી જવા પામી છે પોલીસે સીસીટીવી આધારે તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ વૈશાલીનગરમાં રહેતા અને મીડિયા હાઉસમાં મેનેજર તરીકે નોકરી કરતા રાહુલ ગુણવંતરાય મહેતા ઉ.૪૭એ એ ડીવીઝન પોલીસમાં ચોરી અંગે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે રવિવારે બપોરે સાડા ત્રણ વાગ્યે ઓફીસ બંધ કરી જતા રહ્યા હતા આજે સવારે આઠ વાગ્યે ઓફીસ ખોલી બેઠો હતો

ત્યારે કેમેરામેને આવી કહેલ કે મારી ચેમ્બરમાં તૂટેલી તિજોરી પડી છે જેથી મેં જઈને જોતા માલિક સતીશભાઈ મહેતાની ચેમ્બરમાં બાકોરૂ તેમજ સામાન વેર વિખેર જોવા મળ્યો હતો તમામ ઓફીસના ખાના વેર વિખેર જોવા મળ્યા હતા ચોરીની શંકાએ તપાસ કરતા માલિકની ચેમ્બરના ટેબલમાં પડેલ ધારીના સોની વેપારી મિત્રએ પોતાના કામ માટે મોકલેલ ફાઈન સોનું અને બે બંગડી સહીત ૫૧.૫૦ લાખનું સોનું, માલિકની ૧૦.૨૫ લાખની વીટી-લકી, ચાંદીના નાના-મોટા સિક્કા, ૧.૨૫ લાખની ગણપતિની મૂર્તિ, રોકડા ૩.૫૦ લાખ, અન્ય ટેબલના ખાનામાંથી ૧૦ લાખના પગારના ૭૦ કવર, અન્ય લોકરમાં રાખેલ ૪૦ હજાર રોકડા મળી ૭૬.૯૦ લાખની મતા તસ્કરો ચોરી કરી ગયા હોય કંટ્રોલમાં જાણ કરતા ડીસીપી બાંગરવા, એસીપી, એ ડીવીઝન પીઆઈ આર જી બારોટ, ક્રાઈમ બ્રાંચ, એસઓજી, ડોગ સ્કવોડ સહિતનો સ્ટાફ દોડી ગયો હતો

સીસીટીવી ચેક કરતા બુકાનીધારી શખ્સ રાત્રે પોણા એક વાગ્યે બારી તોડી પ્રવેશી, ઓફિસનું બાકોરૂ તોડી, ટેબલ અને તિજોરીમાંથી ચોરી કરી એક કલાક બાદ નાસી જતો હોવાનું જોવા મળતા ભેદ ઉકેલવા સીસીટીવી આધારે તપાસ હાથ ધરી છે.

# ભીલવાસમાં ગેસ લીકેજની ઘટનાઃ લત્તાવાસીઓમાં ગભરાટ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ભીલવાસ નજીક આવેલા જલારામ મંદિર પાસે ગુજરાત ગેસની પાઈપલાઈનમાં ગેસ લીંકજ થતા સ્થાનિક રહેવાસીઓમા ભય અને રોષની લાગણી પ્રવર્તી રહી છે. આ ઘટનાથી આસપાસના વિસ્તારમાં મોટી માત્રામાં ગેસ ફેલાઈ ગયો છે, જેના કારણે કોઈપણ સમયે મોટી રહી છે. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા મુજબ, છેલ્લા કેટલાક સમયથી આ વિસ્તારમાં ગેસ લીંકજની ગંધ આવી રહી હતી, જે ધીમે ધીમે વધુ તીવ્ર બની છે. સ્થાનિકો દ્વારા ગુજરાત ગેસ કંપની અને સંબંધિત તંત્રને વારંવાર ફરિયાદો કરવામાં આવી હોવા છતાં, આ મામલે કોઈ પણ પ્રકારની ગંભીરતા દાખવવામાં આવી નથી કે કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. તંત્રની આ ઘોર બેદરકારીને કારણે સેંકડો પરિવારોના જીવ જોખમમાં મુકાયા છે. લીકેજ થયેલો ગેસ અત્યંત જવલનશીલ હોવાથી, એક નાનકડી ચીનગારી પણ આસપાસના ઘરોમાં રહેતા વૃદ્ધો, બાળકો અને મહિલાઓમાં સતત ભયનો માહોલ છે. તેઓ રાતદિ વસ દુર્ઘટનાના ડર નીચે જીવી રહ્યા છે.

સ્થાનિકો માંગ કરી રહ્યા છે કે, તંત્ર તાત્કાલિક ધોરણે આ ગેસ લીકેજને રોકવા માટે કાર્યવાહી કરે અને રહેવાસીઓની સુરક્ષા સુનિશ્ચિત કરે. જો આ મામલે સત્વરે પગલાં લેવામાં નહીં આવે તો, સ્થાનિકો દ્વારા ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. આ ઘટના તંત્રની લાપરવાહી અને નાગરિકોના જીવ પ્રત્યેની ઉદાસીન

# રાજકોટ ના મકનપર ગામની સાથણીની જમીનમાં કબજા ફેર થતા ચાર એકર જમીન ખાલસા

## કબ્જા ફેર કેસમાં શરતભંગ સાબિત માની જમીન ખાલસા કરવા હુકમ કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ના મકનપર ગામે વર્ષ ૧૯૭૦માં સાથણીની જમીન ફાળવણી બાદ સાથણીદારે સરકારે ફાળવેલી જમીનને બદલે અન્યત્ર કબ્જો કરી ખેતી કરતા હોય આ કેસમાં રાજકોટ સીટી પ્રાંત-૨ આસિસ્ટન્ટ કલેકટર મહક જૈન દ્વારા કબ્જા ફેર કેસમાં શરતભંગ સાબિત માની જમીન ખાલસા કરવા હુકમ કર્યો હતો.

આ અંગે ની પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ તાલુકાના મકનપર ગામે ગામે તા.૦૯/૦૯/૧૯૭૦ નાં નાં હુકમથી રેવન્યુ સરવે નંબર ૨૪ પૈકીની એ. ૪-૦૦ ગું. જમીન ઘુષાભાઈ સાર્દુલભાઈ રબારીને ખેતી હેતુ માટે સાંથણીમાં આપવામાં આવેલ હતી. પરંતુ તેઓએ સરકારે ફાળવેલી જમીનને બદલે રેવન્યુ સરવે નંબર ૨૪ પૈકીની જમીનના બદલે રેવન્યુ સરવે નંબર ૩૮ની જમીનમાં ખેતી કરતા હોય વર્ષ ૨૦૧૮ માં શરતભંગ અંગેનાં કેસ પ્રોસીડીંગ્ઝ શરૂ કરવામાં આવ્યા હતા.

આ કેસમાં તમામ પક્ષકારોને પોતાનો પક્ષ અને રજૂઆત કરવાની પુરતી તક આપવામાં આવ્યા બાદ મુળ સાંથણીદારને જે જગ્યાએ જમીન ફાળવવામાં આવેલ તેનાં બદલે અન્ય જમીનમાં તેઓનો કબ્જો હોય, મુળ જીવતી શરતોનો ભંગ સાબિત માની આસિસ્ટન્ટ કલેકટર મહક જૈન દ્વારા આ જમીનમાં સરકાર દાખલ કરવા હુકમ કર્યો હતો.

# ગાંધીનગર સોસાયટીમાં ફ્રીઝનું કમ્પ્રેશર ફાટતા મકાનમાં આગ ભભૂકી

## ફાયર બ્રિગેડે પાણીનો મારો ચલાવી કાબુ મેળવ્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલી ગાંધીનગર સોસાયટીમાં ફ્રિઝનું કમ્પ્રેશર ફાટતા મકાનમાં આગ ભભૂઁ ઉઠી હતી. બનાવની જાણ થતા ફાયર બ્રિગેડના સ્ટાફે દોડી જઈ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આગમાં તમામ ઘરવખરી બળીને ખાક થઈ ગઈ હતી. જાણવા મળતી વિગત મુજબ ગાંધીનગર શેરી નં.૨માં જલારામ સોડાવાળી શેરીમાં ભાડાના મકાનમાં રહેતા હિરેનભાઈ જીતેન્દ્રભાઈ કેસરીયાના ઘરમાં રહેતા ફ્રિઝમાં આજે બપોરે અચાનક ધડાકો થયા બાદ આગ ભભુકી ઉઠી હતી. જેથી પરિવાર સમયસુચકતા વાપરી બહાર નીકળી ગયો હતો. આગ લાગ્યાની જાણ કરાતા ફાયર બ્રિગ્રેડનો સ્ટાફ તાત્કાલીક ફાયર ફાઈટર સાથે ઘટના સ્થળે દોડી ગયો હતો અને પાણીનો મારો ચલાવી આગ બુઝાવી નાખી હતી. આગમાં સદનશીબે કોઈ જાનહાની થઈ નથી.

પરંતુ આગના લીધે ફ્રિઝ, કબાટ સહિત તમામ ઘરવખરી બળીને ખાક થઇ ગઇ હતી. ફ્રિઝનું કમ્પ્રેશર ફાટતા આગ લાગ્યાનું જાણવા મળ્યું છે.

# રેસકોર્સમાં દબાણ કરનાર રાઈડના ધંધાર્થીઓ પર મહાપાલિકા ત્રાટકી

**રાઈડ રાખવાની મંજૂરી કોઈ પાસે નથી છતા ૨૦૦ ધંધાર્થીઓના ડેરા તંબુઃચબુતરા ગ્રાઉન્ડમાંથી ૫૦ ધંધાર્થીઓને હટાવી સામાન જપ્ત કરાયો, ખાણી-પીણીના ધંધાર્થીને હોકર્સ ઝોનમાં રહેવા તાકિદ**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેસકોર્સમાં ખાણી-પીણીના ધંધાર્થીઓ ચકરડી અને અન્ય રાઈડોના ધંધાર્થીઓ દ્વારા અતિક્રમણ કરીને ચાલી શકાય તેવી જગ્યા પણ ન રહેવા દેતા મહાપાલિકા દ્વારા દબાણ હટાવની કાર્યવાહી હાથ ધરીને ૫૦થી વધુ ધંધાર્થીઓને ચબુતરા ગ્રાઉન્ડમાંથી સામાન જપ્ત કરી દૂર ખસેડાયા હતા.

એકાદ પખવાડિયા પહેલા કમિશનર તુષાર સુમેરા તેમજ અધિકારીઓ રેસકોર્સમાં સાંજે ગયા હતા અને આ દબાણો તેમણે નિહાળ્યા હતા. મેયર નયનાબેન પેઢડિયાએ પણ રેસકોર્સની હાલત દબાણોને કારણે બદતર થયાની વિગતો જણાવીને દબાણો દૂર થાય અને રેસકોર્સ ફરી હરવા ફરવા લાયક બને તે માટે રજૂઆતો ઉઠાવી અધિકારીઓને કાર્યવાહી માટે સૂચના આપી હતી. જેના અનુસંધાને આજે કાર્યવાહી હાથ ધલીએ રાઈડ રાખનારા ધંધાર્થીઓને સામાન જપ્ત કરીને ફરીઅંદર નહિ આવવા તાકિદ કરી દેવામાં આવી હતી તો જે ખાણી-પીણીના ધંધાર્થીઓ હોકર્સ ઝોનની મંજૂરી ધરાવતા હતા તેમને ફનવર્લ્ડ પાસે જે નિયત જગ્યા ફાળવવામાં આવી છે ત્યાં જ ઉભા રહેવા તાકિદ કરવામાં આવી હતી. મનપાએ ૩૦થી વધુ રાઈડો જપ્ત કરી હતી.દબાણ હટાવની કામગીરી હાથ ધરનાર અધિકારી કેપ્ટન બારૈયાએ કહયુ હતું કે, રેસકોર્સમાં રાઈડ રાખીઉભા રહી જનારા પાસે આવી કોઈ મંજૂરી નથી. ગેમઝોન દુર્ઘટના બાદ સરકારે રાઈડ માટે જે આદેશો બહાર પાડેલા છે તે પ્રમાણે કોઈએ મંજૂરી પણ લીધી નથી.ચબુતરા ગ્રાઉન્ડ પાસે દબાણ હટાવ ઓપરેશન હાથ ધર્યું હતું અને ગેરકાયદે ઘુસેલા ધંધાર્થીઓને દૂર કર્યા હતા.

# જસદણ પાસેથી રેશનીંગના ચોખા ભરેલ ટ્રક ઝડપાયો

## એસઓજીએ ૧૬.૮૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણ નજીક આટકોટ બાવડા રોડ પર એસઓજીએ રેશનીંગના ચોખા ભરી બારોબાર વેચવા જતાં ટ્રક ચાલકને ઝડપી લઈ ટ્રકમાંથી રૂા.૬.૮૨ લાખના રેશનીંગના ચોખા અને ટ્રક સહિત ૧૬.૮૨ લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ શરૂ કરી છે. આ મામલે સસ્તા અનાજના દુકાનદારનું નામ પણ ખુલ્યું છે. મળતી વિગતો મુજબ, રાજકોટ જિલ્લામાં રેશનીંગના અનાજને બારોબાર વેચવાનું રેકેટ ચાલતું હોય જે અંગે કાર્યવાહી કરવા જિલ્લા પોલીસ વડા હિંમકર સિંહની સુચનાને પગલે ગ્રામ્ય એસઓજીના પીઆઈ એફ.એ.પારગી અને તેમની ટીમ વોચમાં હતી ત્યારે આટકોટથી બાવડા તરફ જતાં ટૂંક નં.જીજે.૧૨.બી.ડબલ્યુ ૯૪૩૨ને અ ટકાવી તલાસી લેતાં તેમાંથી રેશનીંગના ચોખાનો જથ્થો મળી આવ્યો હતો.

ટ્રક ચાલક મુળ મુજફરપુર જિલ્લાના મોતીપુરના હરમપુર ગામના અવધકિશોર વિશ્વનાથ રાયની ધરપકડ કરી ટ્રકમાંથી અલગ અલગ માપના ૩૦૦ નંગ બાચકા જેમાં ૨૭૩૦૫ કિલો રેશનીંગના ચોખા મળી આવ્યા હતાં. ૬.૭૨ લાખનો ચોખા તથા ટ્રક મળી ૧૬.૮૨ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. ટ્રક ચાલક અવધ કિશોરની પુછપરછ કરતાં આ જથ્થો બોટાદના હણકુઈ વિસ્તારના વતની અને જસદણ બાયપાસ પાસે રહેતા મયુર નિલેશ મોરીએ ભરી આપ્યો હોવાનું ખુલ્યું હતું. આ જથ્થો કોને સપ્લાયર કરવાનો હતો? તે મામલે વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. એસઓજીના પીઆઈ એફ.એ. પારગી સાથે, પીએસઆઈ કે.એમ.ચાવડા, પી.બી.મિશ્રા, શિવરાજભાઈ ખાચર, વિજયભાઈ વેગડ, પ્રહલાદસિંહ રાઠોડ, મયુરભાઈ વીરડા, વિરરાજભાઈ ધાધલ, વિપુલભાઈ ગોહિલ, વિજયગીરી ગૌસ્વામી અને ચિરાગભાઈ કોઠીવારે કામગીરી કરી હતી.